RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 169, Dt.01-10-2024 Tuesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# મંદિર હોય કે દરગાહ દબાણ હટાવવું પડશેઃ સુપ્રીમ કોર્ટ

## સુપ્રીમ કોર્ટે એ સ્પષ્ટ કરી દીધું છે કે લોકોની સુરક્ષા સર્વોપરી છેઃ બુલડોઝર એક્શન પર કોર્ટનો સ્ટે યથાવત

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

બુલડોઝર એક્શન પર સુપ્રીમ કોર્ટે મોટી ટિપ્પણી કરી છે. સુપ્રીમ કોર્ટે એ સ્પષ્ટ કરી દીધું છે કે લોકોની સુરક્ષા સર્વોપરી છે. મંદિર હોય કે દરગાહ ગેરકાયદેસર બાંધકામને હટાવવું જ પડશે. ગુનાના આરોપીઓ સામે બુલડોઝર એક્શન વિરુદ્ધ કોર્ટ આજે અરજીઓ પર સુનાવણી કરી રહી હતી. જસ્ટિસ બીઆર ગવઈ અને જસ્ટિસ કેવી વિશ્વનાથને સુનાવણી કરી હતી.

સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કહ્યું કે, ભારત એક બિનસાંપ્રદાયિક દેશ છે. અમે તમામ નાગરિકો માટે ગાઈડલાઈન જારી કરીશુ. ગેરકાયદેસર બાંધકામ હિન્દુ, મુસ્લિમ કોઈ પણ કરી શકે છે. અમારો આદેશ તમામ માટે છે. પછી ભલે તે કોઈ પણ ધર્મ કે સમદાયના હોય. અતિક્રમણ માટે અમે કહ્યું છે કે જો તે જાહેર રસ્તા, ફૂટપાથ, જળાશય કે રેલવે લાઈન ક્ષેત્રમાં હશે તો તેને હટાવવું જ પડશે. જો રસ્તાની વચ્ચે કોઈ ધાર્મિક સ્ટ્રક્ચર હશે તો તેને હટાવવું જ પડશે, પછી ભલે તે ગુરુદ્વારા હોય, દરગાહ હોય કે મંદિર હોય.

ખંડપીઠે ૧૭ સપ્ટેમ્બરના રોજ કહ્યું હતું કે અમારી મંજૂરી વિના આરોપીઓ અને અન્ય લોકોની મિલકતો ૧ ઓકટોબર સુધી તોડવામાં આવશે નહીં. ખંડપીઠે કહ્યું હતું કે જો ગેરકાયદેસર ડિમોલિશનનો એક પણ કેસ છે તો તે આપણા બંધારણના મૂલ્યોની વિરુદ્ધ છે.

કોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે અમારો આદેશ જાહેર સ્થળો જેમ કે રસ્તાઓ, ફૂટપાથ, રેલવે લાઈન અથવા જળાશયો પર બાંધવામાં આવેલા ગેરકાયદેસર બાંધકામો પર લાગુ નહીં થશે અને એ મામલા પર પણ લાગુ નહીં થશે જેમાં કોર્ટ દ્વારા તોડી પાડવાનો આદેશ આપવામાં આવ્યો છે.



બુલડોઝરની કાર્યવાહીના મામલામાં સુપ્રીમ કોર્ટે મંગળવારે પોતાનો નિર્ણય સુરક્ષિત રાખ્યો છે. સુનવણી દરમિયાન જસ્ટિસ બીઆર ગવઈ અને જસ્ટિસ વિશ્વનાથનની બેંચે કહ્યું કે જ્યાં સુધી નિર્ણય ન આવે ત્યાં સુધી બુલડોઝરની કાર્યવાહી પર પ્રતિબંધ ચાલુ રહેશે.બેન્ચે એ પણ નિર્દેશ આપ્યો છે કે જેઓ કોર્ટના આદેશનો અનાદર કરશે તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે. આ ઉપરાંત પીડિતોની સંપત્તિ પરત કરવામાં આવશે, જેનું વળતર પણ દોષિત અધિકારીઓ પાસેથી વસૂલવામાં આવશે.સુનવણીમાં સોલિસિટર જનરલ તુષાર મહેતાએ ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ અને રાજસ્થાન સરકારનો પક્ષ રજૂ કર્યો હતો. એમ પણ કહ્યું કે ચોક્કસ સમુદાય પર બુલડોઝરની કાર્યવાહી કરવામાં આવી રહી હોવાના આક્ષેપો થયા છે. તેના પર જસ્ટિસ ગવઈએ કહ્યું કે ભારત બિનસાંપ્રદાયિક દેશ છે. અમે જે પણ નક્કી કરી રહ્યા છીએ તે સમગ્ર દેશ માટે હશે. મંદિર હોય કે દરગાહ, તેને હટાવવાનું યોગ્ય રહેશે કારણ કે જાહેર સુરક્ષા સૌથી પહેલા આવે છે.સુનાવણી દરમિયાન જસ્ટિસ ગવઈએ કહ્યું કે ચુકાદો લખતી વખતે અમે સ્પષ્ટ કરીશું કે જો કોઈ વ્યક્તિ માત્ર આરોપી કે દોષિત હોય તો બુલડોઝરની કાર્યવાહી ન થઈ શકે. જ્યારે હું બોમ્બેમાં હતો ત્યારે મેં જાતે ફૂટપાથ પર ગેરકાયદેસર દબાણ દૂર કરવાનો આદેશ આપ્યો હતો. અમે કોર્ટને ગેરકાયદેસર દબાણના કેસોની સુનાવણી કરતી વખતે સાવચેત રહેવા સૂચના આપીશું. તેના પર એસજીએ તેમને કહ્યું કે આવા માત્ર ૨% કેસ છે. જસ્ટિસ વિશ્વનાથને પૂછ્યું કે આ માત્ર થોડા કે ૨% કેસની વાત નથી. તોડફોડની કાર્યવાહી સાથે સંકળાયેલા કેસ ૪.૫ લાખ જેટલા છે. આ આંકડો છેલ્લા કેટલાક સમયથી સ્થિર છે.

# પીપીએફ, આધાર અને વીમા સાથે જોડાયેલા અનેક નિયમો બદલાયા

## ઈલેકટ્રીક વ્હીકલ ખરીદવા પર સરકાર આપશે સબસીડીઃ પોલિસી સરન્ડર કરવાથી મળશે વધુ રિફંડ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

આજથી નવો મહિનો શરૂ થઈ ગયો છે.આ મહિને અનેક નવા નિયમો લાગુ થવા જઈ રહ્યા છે. આ ફેરફારો આધારકાર્ડ, એસટીટી, ટીડીએસ અને પ્રત્યક્ષ કર સાથે જોડાયેલા નિયમો સામેલ છે. આ ઉપરાંત પીપીએફ અને સુકન્યા સમૃધ્ધિ યોજનાના નિયમોમાં પણ પરિવર્તન થયા છે.

કેન્દ્રીય બજેટ ૨૦૨૪ માં એ જોગવાઈને રદ કરવાનો પ્રસ્તાવ રખાયો હતો જે આધાર નંબરના બદલે આધાર એનરોલમેનૂટ આઈડીનો ઉલ્લેખ કરવાની મંજુરી આપે છે.આ નિયમનો ઉદેશ એ છે કે પાન કાર્ડનાં દુરૂપયોગને રોકવાનો છે.

આજથી કોઈપણ પાન એલોટમેન્ટ માટે આવેદન પત્ર અને પોતાનાં આવકવેરા રિટર્નમાં પોતાના આધાર એનરોલમેનૂટ આઈડીનો ઉલ્લેખ નહિં કરી શકે.સગીરના નામે ખોલવામાં આવેલ અનિયમીત પીપીએફ ખાતા પર બચતખાતાનું વ્યાજ મળશે. જયાં સુધીમાં તે ૧૮ વર્ષનાં નથી થઈ જતા જો એકથી વધુ પીપીએફ ખાતુ હોય છે તો માત્ર એક પર જ વ્યાજ મળશે.

ઈલેકટ્રીક વાહનોને પ્રોત્સાહન આપવા માટે ૧ ઓકટોબરથી પીએમ ઈ-




ડ્રાઈવ સ્કીમ લાગુ થવા જઈ રહી છે. જેના પર સરકાર ૧૦,૯૦૦ કરોડ રૂપિયા ખર્ચ કરશે.પીપીએફ એનએસસીનાં વ્યાજ દરો નથી વધારવામાં આવ્યા.લાઈફ ઈુસ્યોરન્સ સાથે જોડાયેલા કેટલાંક નિયમ આજથી બદલવા જઈ રહ્યા છે. નવા નિયમોથી પોલીસી સરન્ડર કરનારાઓને વધુ રીફંડ મળશે.ટ્રાઈના નિયમ મુજબ હવે મોબાઈલનો ઉપયોગ કરનારાઓ પોતાના ક્ષેત્રમાં ઉપલબ્ધ નેટવર્કની જાણકારી મેળવી શકશે અને સ્પામ (બોગસ) એટલે કે જાસો આપનારા કોલ્સ ઓછા થઈ જશે.

# કાશ્મીરમાં ૪૦ બેઠકો પર અંતિમ તબકકાનું મતદાનઃ બપોર સુધીમાં 30 ટકા નોંધાયુ

## મતદાન માટે ઠેરઠેર લાંબી કતારોઃ મહિલાઓમાં વોટીંગને લઈને ઉત્સાહઃ કેન્દ્રીય મંત્રી જીતેન્દ્રસિંહે કર્યું મતદાન

**મુખ્ય સમાચાર,શ્રીનગર**

જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણીનું અંતિમ અને ત્રીજા ચરણનું મતદાન ચાલુ છે. સવારે ૯ વાગ્યા સુધીમાં ૧૧.૬૦ ટકા મતદાન થયુ છે. ત્રીજા ચરણમાં ૪૦ સીટો પર ૪૧૫ ઉમેદવારોનું ભાવી જમ્મુ-કાશ્મીરના મતદારો નકકી કરશે અને કોની સરકાર બનશે તે નિશ્ચિત કરશે.

આ ચરણમાં લગભગ ૩૯ લાખથી વધુ મતદારો વોટ નાખશે. આજે જે ૪૦ સીટો પર મતદાન થઈ રહ્યું છે તેમાં ૨૪ સીટો જમ્મુ સંભાગની અને કાશ્મીર સંભાગની ૧૬ સીટો છે.સવારે ૯ વાગ્યા સુધીમાં ૧૧.૬૦ ટકા મતદાન થયું છે.

મતદાન માટે લોકોમાં અનેરો ઉત્સાહ છે. પોલીંગ બુથની બહાર લાંબી લાઈનો જોવા મળે છે. પાકિસ્તાનની બોર્ડર પાસેની સીટો પર સુરક્ષાનો કડક બંદોબસ્ત કરાયો છે.

ત્રીજા ચરણમાં જમ્મુ સંભાગનાં ચાર જીલ્લા જમ્મુ, સાંબા, કઠુઆ, અને કાશ્મીરનાં ત્રણ જીલ્લા બાંડીપોરા, બારામુલ્લા, અને કુપવાડા જીલ્લાની ૧૬ સીટો પર મતદાન થઈ રહ્યું છે.

જમ્મુ-કાશ્મીરમાં થઈ રહેલા મતદાન દરમ્યાન મહિલાઓમાં મતદાનને લઈને ઘણો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.



કેન્દ્રીય મંત્રી જીતેન્દ્રસિંહ મત આપવા માટે બાહુ મતદાન કેન્દ્રમાં પહોંચ્યા હતા તેમણે કહ્યું હતું કે ઘણા વર્ષો બાદ પહેલી વાર જમ્મુ-કાશ્મીરમાં આટલી મોટી સંખ્યામાં લોકો મત આપવા પહોંચ્યા છે.

ઉધમપુરમાં પણ મતદાન કેન્દ્ર પર લોકો મતદાન કરવા માટે લાઈનમાં ઉભેલા જોવા મળ્યા છે. વોટીંગ માટે બુઝુર્ગોમાં પણ અનેરો ઉત્સાહ જોવા મળ્યો છે. જમ્મુ ઉતર નિર્વાચીન ક્ષેત્રનાં ભાજપ ઉમેદવાર શામલાલ શર્માએ જમ્મૂમાં મતદાન કર્યું હતું.

# ગીર સોમનાથમા કરાયેલ ડિમોલીશનનો મુદ્દો સુપ્રિમ કોર્ટમાં પહોંચ્યો

## અદાલતની અવમાનનાનો મુદ્દો આગળ ધર્યો : જો કે સરકાર દ્વારા અગાઉથી જ કાનુની પ્રક્રિયા મુજબ કામગીરી હાથ ધરાઈ હોવાનું સ્પષ્ટ જણાવ્યું હતું

**મુખ્ય સમાચાર,ગીર સોમનાથ**

પવિત્ર તિર્થધામ ગીર સોમનાથમાં હાલમાં જિલ્લા કલેક્ટર દ્વારા કરવામાં આવેલા ડિમોલીશનનો મુદ્દો હવે સુપ્રિમ કોર્ટમાં પહોંચ્યો છે અને સમસ્ત પટણી મુસ્લિમ જમાતે ગીર સોમનાથના કલેક્ટર અને અન્ય અધિકારીઓ વિરુધ્ધ સુપ્રિમ કોર્ટમાં અવમાનનાની અરજી કરી છે.

ગત સપ્તાહે સોમનાથ મંદિર પાસે સરકારી જમીન પરનું દબાણ હટાવવા માટે જબરું ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું અને આ વિસ્તારમાં ખડકી દેવાયેલા ધર્મસ્થાનોને દુર કરવામાં આવ્યા હતા. આ તમામ ગેરકાયદેસર બાંધકામ હોવાનું બહાર આવ્યું અને





નોટીસ સહિતની પ્રક્રિયાઓ અપનાવવાય હોવાનો દાવો જિલ્લા કલેક્ટર તંત્ર દ્વારા જણાવાયું હતું અને બુલડોઝરની મદદથી દબાણ દૂર કરાતા હવે વિવાદ સર્જાયો છે. સુપ્રિમ કોર્ટે હાલમાં જ દેશભરમાં બુલડોઝર ચલાવવા સામે સ્ટે આપ્યો હતો. જો કે ગેરકાનૂની બાંધકામોને કાનુની પ્રક્રિયા સાથે તોડવા માટે કોઈ સ્ટે નથી તેવું પણ જણાવ્યું હતું. પરંતુ સમસ્ત પટ્ટણી મુસ્લિમ જમાતે આ અંગે સુપ્રિમમાં અરજી કરી છે અને

### ગયા મહિનાની નવી તારીખનો હાઈકોર્ટનો ઓર્ડર છેઃ હર્ષ સંઘવી

**સોમનાથમાં દબાણ દૂર કરવા અંગે થયેલી અદાલતી રીટ અરજી પર પ્રતિભાવ આપતા ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું હતું કે સરકાર દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં જવાબ આપવામાં આવ્યો છે પરંતુ કોર્ટમાં ચાલુ મેટર હોવાથી વધુ બોલવું યોગ્ય નથી. સરકાર દ્વારા અનેક વાર નોટીસ સહિતની પ્રક્રિયા અપનાવાય હતી અને તે પૂર્ણ કર્યા બાદ ગયા મહિનાની નવી તારીખનો હાઈકોર્ટનો નવો ઓર્ડર છે. તેનો સ્ટડી કરવો જોઈએ જેથી જવાબ મળી જશે.**

હવે તે મુદ્દે સર્વોચ્ચ અદાલત શું વલણ અપનાવે છે તેના પર નજર છે. સોમનાથના ઈતિહાસના સૌથી મોટા મેગા ડિમોલિશનની કાર્યવાહીમાં ૫૮ જેસીબી, ૫ હિટાચી, ૫૦ ટ્રેક્ટર, ૪ હાઈડ્રા, ૧૮ ડમ્પર, ૨ એમ્બ્યુસન્સ અને ત્રણ ફાયર ફાઈટર સહિતનાં સાધનો મારફત દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. વહેલી સવારે દબાણો દૂર કરવાની કામગીરી શરૂ થઈ ત્યારે ૧૩૫થી વધુ લોકોની અટકાયત કરવામાં આવી

# ઈઝરાયેલ દ્વારા લેબનાનમાં શરુ કરાયેલ જમીની હુમલાની કાર્યવાહી યોગ્ય : અમેરિકા

**મુખ્ય સમાચાર,વોશિંગ્ટન**

ઈઝરાયેલ દ્વારા લેબનાનમાં શરુ કરાયેલ જમીની હુમલામાં અમેરિકાએ આ કાર્યવાહીને યોગ્ય ગણાવીને ઈરાનને દરમ્યાનગીરીથી દુર રહેવા ચેતવણી આપી હતી. અમેરિકાના સંરક્ષણ મંત્રી લોયડ ઓસ્કીને જણાવ્યું હતું કે ઈઝરાયેલ અત્યંત મર્યાદિત અને સ્થાનિક સ્તરે આ લશ્કરી કાર્યવાહી કરી રહ્યું છે.

ઈરાનની સેના દક્ષિણ લેબનાનમાં ઘુસી છે અને સંરક્ષણ મંત્રીએ ઉમેર્યું છે કે અમેરિકા આ કાર્યવાહીને ટેકો આપે છે અને ઈઝરાયેલને તેની સુરક્ષાનો અધિકાર છે. હિઝબુલ્લાહ ફરી એક વખત ગત વર્ષના ૭ ઓક્ટોબર જેવો હુમલો કરી



શકે નહીં.

તેમણે સાથોસાથ ઈરાનને ચેતવણી આપતા જણાવ્યું હતું કે તેણે આ સમગ્ર કાર્યવાહીથી દૂર જ રહેવું જોઈએ. નહીંતર મધ્યપૂર્વમાં તનાવ વધશે અને જો ઈરાન ઈઝરાયેલ પર સીધો હુમલો કરશે તો ભડકો થશે.

બીજી તરફ અમેરિકાએ ઈઝરાયેલની સુરક્ષા માટે એફ-૧૫-ઈ સ્ટ્રાઈક ઈગલ એફ-૧૬, એ-૧૦ અને એફ-૨૨ ફાઈટર જેટ વિમાનનો મોટો કાફલો તથા હજારો સૈનિકોને આ વિસ્તારમાં ઠાલવ્યા છે અને તેનો એર પાવર ડબલ કરી દીધો છે અને જો ઈરાન કે અન્ય કોઈ રીતે અન્ય કોઈ દેશ હુમલો કરવાની કોશિષ કરશે તો અમેરિકા તેમાં દરમિયાનગીરી કરે તેવી શક્યતા છે.

# અભિનેતા ગોવિંદાને તેની જ બંદૂકથી પગમાં ગોળી વાગી

- **રીવોલ્વર સાફ કરતી વેળાએ બનાવઃ હોસ્પીટલમાં દાખલઃ ભયમુકત હોવાનો તબીબોનો નિર્દેશ**

**મુખ્ય સમાચાર,મુંબઈ**

અભિનેતા ગોવિંદાને તેની જ બંદૂકથી પગમાં ગોળી વાગી છે. આ ઘટના સવારે સાડા પાંચ વાગ્યાના અરસામાં બની હતી. સવારે કયાંક જવા નીકળ્યા હતા. તે જ ક્ષણે ભૂલથી મિસફાયર થયો હતો. હવે અભિનેતા ક્રિટી કેર હોસ્પિટલમાં દાખલ છે. ગોવિંદા સવારે કયાંક જવા માટે નીકળી રહ્યો હતો, ત્યારે આ અકસ્માત થયો. એવું કહેવામાં આવી રહ્યું છે કે તે પોતાની રિવોલ્વર સાફ કરી રહ્યો હતો ત્યારે તે મિસફાયર થઈ ગઈ. હવે અભિનેતાને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.

ગોળી વાગ્યા પછી હંગામો થઈ ગયો હતો. ઘાયલ ગોવિંદાને તાત્કાલિક ઈર્છ્ઈઝઈ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો, જ્યાં તેની સારવાર ચાલી રહી છે. દરમિયાન પોલીસે ઘટનાસ્થળે પહોંચીને મામલાની તપાસ શરૂ કરી છે.

પોલીસના જણાવ્યા અનુસાર, ગોળીબાર બાદ તે ઘટનાસ્થળે પહોંચી અને ગોવિંદાની બંદૂક પોતાના કબજામાં લઈ લીધી. આ મામલે તપાસ શરૂ કરવામાં આવી છે. અભિનેતાની રિવોલ્વર ખોટી રીતે નીકળી ગઈ અને ગોળી તેના ઘૂંટણમાં વાગી. ગોવિંદા પાસે



લાયસન્સવાળી રિવોલ્વર છે. જો કે તેના પરિવાર અને ટીમે હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન જાહેર કર્યું નથી. હાલમાં ગોવિંદાના પગમાંથી ઘણું લોહી વહી ગયું છે, જેના કારણે તેની હાલત ખરાબ થઈ ગઈ છે.

ગોવિંદા વિશેના આ સમાચાર સામે આવતા જ ચાહકો ચિંતા વ્યક્ત કરી રહ્યા છે. સોશિયલ મીડિયા પર ઘણા લોકોએ ગોવિંદાના સ્વાસ્થ્યને લઈને ચિંતા વ્યક્ત કરી છે.

ગોવિંદાનો ઘણો મોટો ચાહક વર્ગ છે. તેણે એક સમયે બોલિવૂડ પર રાજ કર્યું હતું. તેની લોકપ્રિયતા આજે પણ ચાલુ છે. ત્યારે દરેક વ્યક્તિ તેમની સ્વાસ્થ્ય અપડેટ જાણવા માંગે છે.

# કોમર્શિયલ ગેસ સિલિન્ડરમાં ૫૦ રૂા. નો ભાવ વધારો

## હવે દિલ્હીમાં ૧૯ કિલોના એલપીજી સિલિન્ડરની કિંમત ૧૭૪૦ રૂપિયા થઈ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

હજુ નવરાત્રિ શરૂ પણ નથી થઈ. અને લોકોને આંચકો લાગ્યો હતો. આજથી એટલે કે ૧ ઓક્ટોબર, ૨૦૨૪થી સરકારી તેલ કંપનીઓએ એલપીજી સિલિન્ડરની કિંમતોમાં વધારો કર્યો છે. આ વધારો કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમતમાં થયો છે, જેને લોકો હલવાઈ ભટ્ટીનું સિલિન્ડર પણ કહે છે.

હવે રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમત ૧૬૯૧.૫૦ રૂપિયાથી વધીને ૧૭૪૦ રૂપિયા પ્રતિ સિલિન્ડર થઈ ગઈ છે. મતલબ કે આ કોમર્શિયલ ગેસ સિલિન્ડર ૫૦ રૂપિયા મોંઘું થઈ ગયું છે. આ સિલિન્ડરનો ઉપયોગ મોટાભાગે હલવાઈઓ અથવા પકોડા ફ્રાય કરનારા અથવા રસ્તાની બાજુના વિક્રેતાઓ પર છોલે-ભટુરે વેચનારાઓ દ્વારા કરવામાં આવે છે. દેશની સૌથી મોટી સરકારી ઓઈલ કંપની ઈંધઈકની વેબસાઈટ અનુસાર, આ દરો આજથી ૧ ઓક્ટોબર, ૨૦૨૪થી અમલમાં આવી ગયા છે.

આજથી કોલકાતામાં કોમર્શિયલ ગેસ સિલિન્ડર ૧૮૫૦.૫૦ રૂપિયામાં મળશે, જે પહેલા ૧૮૦૨ રૂપિયામાં મળતું હતું. મુંબઈમાં આ સિલિન્ડર ૧૬૯૨.૫૦ રૂપિયામાં મળશે, જે પહેલા ૧૬૪૪ રૂપિયામાં મળતું હતું. ચેન્નાઈમાં સિલિન્ડર ૧૯૦૩ રૂપિયામાં મળશે જે પહેલા ૧૮૫૫ રૂપિયામાં મળતું હતું.



તેલ કંપનીઓ દર મહિનાની પહેલી તારીખે એલપીજી સિલિન્ડરના ભાવમાં ફેરફાર કરે છે. આ ફેરફાર એટલા માટે મહત્વપૂર્ણ છે કે શારદીય નવરાત્રિ આવતા ગુરુવાર એટલે કે ૩જી ઓક્ટોબરથી શરૂ થઈ રહી છે. આના ૧૦ દિવસ પછી જ દશેરા થશે. દિવાળી જેવા મોટા તહેવારો ૧૫ દિવસ પછી આવે છે અને છ દિવસ પછી છઠ. આ પહેલા પણ ગેસ સિલિન્ડરની કિંમત લોકોને પરેશાન કરી શકે છે

સરકારી તેલ કંપનીઓએ ૧૪ કિલોગ્રામના ઘરેલુ ગેસ સિલિન્ડરની કિંમતમાં કોઈ ફેરફાર કર્યો નથી જેને સામાન્ય રીતે એલપીજી કહેવામાં આવે છે. આજે પણ તે દિલ્હીમાં ૮૦૩ રૂપિયામાં ઉપલબ્ધ છે.

# લાલપુરમાં મકાનમાંથી દારૂની ૫૦ બોટલ કબજેઃ નાઘેડી પાસેથી ચપલા સાથે એક પકડાયો

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર લાલપુરમાં મકાનમાંથી દારૂની પચ્ચાસ બોટલ કબજે નાઘેડી પાસેથી ચપલા સાથે એક પકડાયો લાલપુરના ધરારનગરમાં એક મકાનમાં એલસીબીએ દરોડો પાડી દારૂની ૫૦ બોટલ કબજે કરી છે. મીણાદાતાર દરગાહ નજીક એક મકાનમાંથી બાવીસ બોટલ ઝડપાઈ છે. નાઘેડીમાં એક શખ્સ ૫૦ ચપલા સાથે ઝડપાયો છે. સરદાર પાર્ક પાસેથી પચ્ચીસ ચપલા અને ચાર બોટલ સાથે એકની ધરપકડ કરાઈ છે. સાધના કોલોની પાસેથી બે ચપલા મળી આવ્યા છે.લાલપુર શહેરમાં આવેલા ધરારનગર નજીક હુસેની ચોકમાં એક મકાનમાં દારૂનો જથ્થો પડ્યો હોવાની બાતમી પરથી એલસીબીના પીઆઈ વી.એમ. લગારીયાની સૂચના મુજબ પીએસઆઈ પી.એન. મોરી, એ.કે. પટેલ તથા સ્ટાફે ઈરફાન તાર મામદ ધુધા નામના શખ્સના મકાનમાં દરોડો પાડી તલાશી લીધી હતી. તે મકાનમાંથી અંગ્રેજી શરાબની ૫૦ બોટલ મળી આવી હતી. દરોડા પહેલાં નાસી ગયેલા ઈરફાનની શોધ કરાઈ છે.

જામનગરના રણજીત સાગર રોડ પર આવેલા સરદાર પાર્ક પાસેથી પસાર થઈ રહેલા મૂળ પોરબંદર જિલ્લાના રોજડા ગામના વતની અને હાલમાં રણજીતસાગર રોડ પર વૃંદાવન પાર્ક બેમાં રહેતા હરદીપસિંહ મંગળસિંહ જેઠવા નામના શખ્સને સીટી એ ડિવિઝનના સ્ટાફે શકના આધારે રોકાવી તેની તલાસી લેતા તેના કબજામાંથી ભારતીય બનાવટના અંગ્રેજી શરાબની ચાર મોટી બોટલ તથા ૨૫ ચપટા મળી આવ્યા હતા. પોલીસે દારૂનો જથ્થો કબજે કરી હરદીપસિંહની ધરપકડ કરી છે.જામનગરના રણજીત સાગર રોડ પર આવેલી સાધના કોલોનીના પહેલા ઢાળિયા પાસેથી રહેલા મન અનિલભાઈ વ્યાસ નામના સાધનાકોલોની ના એમ ૫૪ બ્લોકમાં રૂમ નંબર ૩૯૦૩માં રહેતા શખ્સને રોકાવી તેની તલાસી પોલીસે લીધી હતી. આ શખ્સના કબજામાંથી અંગ્રેજી શરાબના બે ચપટા મળી આવ્યા હતા. પોલીસે ચપટા કબજે કરી મન વ્યાસની પૂછપરછ કરતા તેણે શંકટટેકરી પાસે સિદ્ધાર્થ કોલોનીમાં રહેતા દિવ્યેશ મનસુખભાઈ ચૌહાણ ઉર્ફે દિવલા પાસેથી ચપટા લીધા હોવાની કબુલાત કરી છે.જામનગરના જોલી બંગલા વિસ્તારમાંથી જઈ રહેલા ગોવાળ મસ્જિદ સામે ભાટની આંબલી પાસે રહેતા હાર્દિક અશ્વિનભાઈ ચુડાસમા નામના શખ્સને પેટ્રોલિંગમાં રહેલા પોલીસ સ્ટાફે રોકાવી ચેક કરતા તેના કબજામાંથી અંગ્રેજી શરાબની એક બોટલ મળી આવી હતી.

જામનગરની આર્ય સમાજ સ્કૂલ પાછળ આવેલી મીણા દાતારની દરગાહ પાસે કેનાલના કાંઠે એક મકાનમાં અંગ્રેજી શરાબનો જથ્થો હોવાની બાતમી મળતા સીટી એ ડિવિઝનના સ્ટાફે પીઆઈ એન.એ. ચાવડાની સૂચનાથી દરોડો પાડ્યો હતો ત્યાં આવેલા ઈરફાન ઈસ્માઈલ બ્લોચ ઉર્ફે



એલ્બા મકરાણી નામના શખ્સના મકાનની તલાસી લેવાતા ત્યાંથી અંગ્રેજી શરાબની ૨૨ બોટલ મળી આવી હતી. દરોડા પહેલા ઈરફાન ઉર્ફે એલ્બો નાસી ગયો હતો. પોલીસ તેની શોધખોળ કરી રહી છે.

જામનગર-ખંભાળિયા ધોરીમાર્ગ પર આવેલા નાઘેડી ગામના પાટીયા પાસે ગ્રીનવીલા સોસાયટી નજીકથી રવિ સાજણભાઈ ભીંડા નામના ગ્રીનવિલાની શેરી નંબર ત્રણમાં રહેતા શખ્સને પોલીસે રોકાવી તેને ચેક કરતા ભારતીય બનાવટના અંગ્રેજી શરાબના ૫૦ ચપલા મળી આવ્યા હતા. પોલીસે દારૂનો જથ્થો જીજે-૧૦-ઈએ ૪૭૭૭ નંબરનું બાઈક, રૂ.૫૦૦૦ની કિંમતનો મોબાઈલ મળી કુલ રૂ.૪૦,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ શખ્સની પૂછપરછ કરાતા તેણે પોતાના ભાઈ ભરત સાજણભાઈ ભીંડા પાસેથી લીધો હોવાની કબુલાત આપી છે.

# અનસ્ટોપેબલ વોરીયર્સ ગ્રુપ દ્વારા તૃતીય સમૂહ લગ્નના લાભાર્થે વેલકમ નવરાત્રી-૨૦૨૪નુ આયોજન કરાયું

(અહેવાલઃ જયેશ બોખાણી)

મોરબીમાં અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરતું અનસ્ટોપેબલ વોરીયર્સ ગ્રુપ દ્વારા ગત તારીખ ૨૮ સપ્ટેમ્બરના રોજ રાત્રે મોરબીના કેનાલ રોડ પર આવેલ કેશવ પાર્ટી પ્લોટ ખાતે વેલકમ નવરાત્રિનું આયોજન કરવામાં આવ્યું હતું. મોરબી-માળિયાના ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયા, બગથળા નકલંક મંદિરના મહંત દામજી ભગત, મોરબી મહિલા પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેકટર લગધીરકા મેડમ સહિતના મહાનુભાવોની ઉપસ્થિતમાં દિપ પ્રાગટ્ય કરીને વેલકમ નવરાત્રિનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. સુપ્રસિદ્ધ ગાયક કલાકાર સીતાબેન રબારી, અવની ગૌસ્વામીના સુમધુર સ્વરના સથવારે અવનવાં ટ્રેડિશનલ ડ્રેસ સાથે મહિલાઓ, બાળકો તથા ભાઈઓ મન



મૂકીને રાસની રમઝટ બોલાવી હતી. જ્યારે કોમેડિયન વિજૂડી અને રાજીયો ઉપસ્થિત રહીને હાસ્યની રમઝટ બોલાવી હતી. આ તકે અનસ્ટોપેબલ વોરીયર્સ ગ્રુપના પ્રમુખ હેતલબેન પટેલે જણાવ્યું હતું કે, વેલકમ નવરાત્રિમાં થયેલ આવક આગામી તારીખ ૨૦ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ આયોજિત તૃતીય સમૂહ લગ્નોત્સવમાં માં-બાપ વિનાની ૨૧ દિકરીઓના લગ્નમાં ખર્ચ કરવામાં આવશે. સમુહલગ્નમાં દાન આપવા તથા દાતા તરીકે નામ નોંધાવવા માટે મો.૯૫૮૬૦૫૨૨૨૬ પર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# વીંછીયા તાલુકામાં આઈ.સી.ડી.એસ દ્વારા પોષણમાસ ની ઉજવણી કરવામાં આવી

**મુખ્ય સમાચાર, વીંછીયા**





ગુજરાત સરકાર અને મહિલા અને બાળ વિભાગ દ્વારા તારીખ ૧ થી ૩૦ સપ્ટેમ્બર સુધી પોષણ માહની ઉજવણી કરવામાં આવે છે જેના ભાગરૂપે વીંછીયા પોષણ માહ ની ઉજવણી કરવામાં આવેલ છે દરેક બાળકો ના વાલી ને આંગણવાડી મા થતી ઊઈઈઊ પ્રવૃત્તિ વિશે સમજ આપેલ. કાર્યક્રમ તમામ આંગણવાડી વર્કર બહેનો દ્વારા ઉજવણી કરવામાં આવેલ છે જેમા રાજ્ય સરકાર તરફ ૧થી ૩૦ સપ્ટેમ્બર સુધી રાષ્ટ્રીય પોષણમાં હતી ઉજવણી કરવામાં આવી રહી છે જે અંતર્ગત આઈસીડીએસ વિભાગ વીંછીયા તાલુકા માં પોષણ માહની ઉજવણીના ભાગરૂપે આંગણવાડી મા કરાવવામાં આવતી થીમ મુજબ પ્રવૃત્તિ ઓ રમત ગમત ભાગ ૧/ ૨ મારી ચિત્રપોથી,મારી વિકાસયાત્રા, જ્ઞાનપુંજ કીટ વિશે માર્ગદર્શન આપેલ વર્ષ મા કરાવવામાં આવતી ૧૭ થીમ ઝકખ ડિજિટલ કેલેન્ડર ઉંબરે આંગણવાડી વિશે સમજ આપેલ અને સુપોષિત ભારત સાક્ષર ભારત સશક્ત ભારત સૂત્રને સાચા અર્થમાં સાર્થક કરી શકાય તે માટે વિવિધ કાર્યક્રમો સપ્ટેમ્બરમાં દરમિયાન ઉજવણી કરવામાં આવી હતી.

રાજકોટ જિલ્લાના વિંછીયા તાલુકામા સેવાસદન મુકામે પોષણમાં અંતર્ગત સપ્ટેમ્બરે માસ મા આંગણવાડી વર્કરો દ્વારા વાનગી નિદર્શન કરવામાં આવ્યું હતું જેમાં વિછીયા તાલુકાના મામલતદાર સાહેબ તેમજ નાયબ મામલતદાર તેમજ ઈન્ચાર્જ સીડીપીઓ પાયલ બેન ઓઝા સુપરવાઈઝર તેમજ તમામ સ્ટાફ દ્વારા પોષણ માસની ઉજવણી કરવામાં આવી હતી મામલતદાર સાહેબશ્રી દ્વારા જુદા જુદા કેન્દ્રમાંથી વર્કર બહેનો દ્વારા જુદા જુદા મિલેટ ધાન્યો માંથી જે વાનગી બનાવવામાં આવી હતી તેનું નિદર્શન કરીને તેમજ ઈન્ચાર્જ સીડીપીઓ દ્વારા મીલેટ ના ફાયદા વિશે સમજ આપવામાં આવી હતી એન.એન.એમ. માધવ ભાઈ રાણપરીયા વિગતો થી જણાવેલ છે.

# મોરબીમાં તેરા તુજકો અર્પણ અંતર્ગત એ ડિવિઝન પોલીસે ૨૫ મોબાઈલ તથા બે બિનવારસી બાઈક અરજદારને પરત કર્યા





મોરબીમાં તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત ઈઊઈઇ પોર્ટલના ઉપયોગથી મોરબીમાંથી ૫,૧૫,૮૩૩/- ની કિમતના કુલ-૨૫ ખોવાયેલ મોબાઈલો તથા બે બિનવારસી મોટરસાયકલ શોધી કાઢી અરજદારોને એક સાથે સીટી એ ડિવિઝન પોલીસ મથક બોલાવી સુપરત કરવામાં આવ્યા છે. મોરબી જીલ્લા પોલીસ અધિક્ષક રાહુલ ત્રિપાઠી એ પ્રજા કલ્યાણ તથા પ્રજા ઉપયોગી કાર્યવાહી કરવા સુચના કરેલ હોય તેમજ નાયબ પોલીસ અધિક્ષક પી.એ.ઝાલાના માર્ગદર્શન હેઠળ સીટી એ ડિવિઝન પોલીસ મથકના પીઆઈ એચ.એ.જાડેજાના સુપરવિઝન હેઠળ મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં નોંધાયેલ અરજદારોના ખોવાયેલ/ચોરાયેલ મોબાઈલની ફરિયાદને આધારે ખોવાયેલ કે ચોરાયેલ મોબાઈલ શોધી કાઢવા એ ડિવિઝન પોલીસ સ્ટાફને સુચના કરેલ હોય જે અનુસંધાને સર્વેલન્સ સ્ટાફના અનાર્મ એ.એસ.આઈ રાજદીપસિંહ રાણાએ ઈઊઈઇપોર્ટલનો ઉપયોગ સતત મોનીટરીંગ રાખી ટેકનીકલ વર્ક આઉટ કરી ભારે જહેમત ઉઠાવી કુલ-૨૫ મોબાઈલ કિ.રૂ. ૫,૧૫,૮૩૩/- ના શોધી કાઢી એક સાથે પરત કરવામાં આવ્યા હતા. આ સાથે મોરબી સીટી વિસ્તારમાંથી મળી આવેલ બે બીનવારસી મોટરસાયકલ જેમાં સ્પ્લેન્ડર પ્લસ રજી.નં. જીજે-૧૧-ઈઈ-૨૧૨૭ તથા જીજે-૩૬-એડી-૨૫૪૪ વાહન કિ.રૂ.૬૦ હજારના મૂળ માલિકને શોધી પરત કરી સુરક્ષા સાથે સેવાનુ ઉત્તરદાયિત્વ નિભાવી, પોલીસ પ્રજાની મિત્ર છે એ સુત્ર મોરબી સીટી એ ડીવીજન પોલીસ એ સાર્થક કરેલ છે.

# જામનગરમાં શાંતિનગર અને હાટકેશ્વર સોસાયટીમાં રહેણાંક મકાનમાં આગ લાગતા અફડાતફડી મચી





**મુખ્ય સમાચાર,જામનગર**


જામનગરમાં શાંતિનગર અને હાટકેશ્વર સોસાયટીમાં રહેણાંક મકાનમાં આગ લાગતા અફડાતફડી મચી ગઈ હતી. એક બનાવમાં ગેસના બાટલામાં આગ ભભૂકી હતી તો અન્યમાં આગનું કારણ અકબંધ છે. સદનસીબે બંને બનાવમાં કોઈ જાનહાનિ થઈ ન હતી. આગથી રસોડાની ચીમની બળી ગઈ હતી. જામનગરમાં મચ્છરનગર વિસ્તારમાં શાંતિનગર શેરી નં.૭ માં રહેતા રાજુભા જાડેજાના મકાનમાં ગેસના બાટલામાં આગ ભભૂકી ઉઠતા દોડધામ મચી ગઈ હતી. પરિવારના સભ્યો સમયસૂચકતા વાપરી બહાર નીકળી ગયા હતાં.બનાવની જાણ જતાં ફાયરના જવાનોએ દોડી જઈ આગ બૂઝાવી હતી. સદનસીબે કોઇ જાનહાની થઈ ન હતી. અન્ય બનાવમાં વિકાસગૃહ રોડ પર મેન્ટલ હોસ્પિટલ સામે આવેલી હાટકેશ્વર સોસાયટીમાં રહેતા મલયભાઈ સામાણીના રહેણાંક મકાનના રસોડામાં સવારે અકસ્માતે આગ લાગતા અફડાતફડી મચી ગઈ હતી. બનાવની જાણ જતાં ફાયર બ્રિગેડના જવાનો ઘટના સ્થળે દોડી ગયા હતા અને પાણીનો મારો ચલાવી આગ બુઝાવી હતી.

# મોરબીની માધાપરવાડી કન્યા શાળાની હેન્સી પરમાર કલા-ઉત્સવમાં તાલુકા કક્ષાએ પ્રથમ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીની પીએમશ્રી માધાપરવાડી કન્યા શાળા દ્વારા વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત શક્તિઓને ખીલવવા માટે તેમજ વિદ્યાર્થીઓમાં રહેલી કલાઓને વિકસાવવા માટે અનેકવિધ સહઅભ્યાસીક પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે. જેમાં વિદ્યાર્થીઓ પોતાનામાં રહેલી શક્તિઓ બહાર લાવે છે, એ અન્વયે જી.સી.ઈ. આર.ટી. ગાંધીનગર અને જીલ્લા શિક્ષણ તાલીમ ભવન-મોરબી પ્રેરિત અને બીઆરસી ભવન-મોરબી આયોજિત કલા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કલા-ઉત્સવ અંતર્ગત શાળાકક્ષા, કલસ્ટર કક્ષા, બ્લોકકક્ષા, જીલ્લાકક્ષા અને રાજયકક્ષા સુધી પ્રાથમિક અને માધ્યમિક વિભાગમાં ગાયન, વાદન, ચિત્ર અને કાવ્ય લેખન તથા પઠનની સ્પર્ધા યોજવામાં આવે છે જેમાં પ્રાથમિક વિભાગમાં તાલુકા કક્ષાની સ્પર્ધામાં ૧૮ કલસ્ટરમાંથી દરેક સ્પર્ધામાં ૧૮ એમ કુલ ૭૨ વિદ્યાર્થીઓએ તાલુકાકક્ષાએ ભાગ લીધો હતો જેમાં કાવ્ય લેખન અને પઠન




વિભાગમાંથી પીએમશ્રી માધાપરવાડી કન્યા શાળાની વિદ્યાર્થીની હેન્સી દિલીપભાઈ પરમાર કે જેની વકતૃત્વ શૈલી પણ બેનમૂન છે. હેન્સી પરમાર પોતાની યુ-ટ્યુબ ચેનલ પહેન્સી પરમારથ માં રાષ્ટ્રીય અને ધાર્મિક તહેવારોનું મહાત્મીય રજૂ કરતા સુંદર વક્તવ્ય મૂકે છે.

જે હેન્સી પરમાર કે જેનું કાવ્ય લેખન અને પઠન તાલુકા કક્ષાએ પ્રથમ નંબર આવતા શાળાનું અને પરિવારનું ગૌરવ વધારતા હેન્સીને અભિનંદન પાઠવવામાં આવ્યા છે અને જીલ્લા કક્ષાએ સર્વોત્તમ દેખાવ કરી રાજ્ય કક્ષાએ પણ મોરબીનું નામ રોશન કરે એવી શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ છે.

# માંડાડુંગર પાસે ચોકીદાર વૃદ્ધ અને પ્રૌઢાનું બેભાન થઈ જતા મોત

શહેરમાં વધુ બે લોકોના હૃદય થંભી ગયા હતા. આજીડેમ ચોકડી પાસે માંડા ડુંગરમાં ચોકીદાર વૃધ્ધ અને પ્રૌઢાના હાર્ટએટેકથી મોત નીપજતાં પરિવારમાં શોકની લાગણી છવાઈ જવા પામી છે.જાણવા મળતી વિગત મુજબ માંડા ડુંગર પાસે દિનદયાળ ઈન્ડસ્ટ્રીયલ એરવામાં રહેતા મણીલાલ રાજાભાઈ યાદવ (ઉ.વ.૬૧) નામના વૃધ્ધ શીવમ ટુલ્સ નામના કારખાનામાં ચોકીદારી કરતા હતા. આજે સવારે ચા પીવા જતા બેભાન થઈ ઢળી પડતાં તેમને બેભાન હાલતમાં સારવાર માટે સિવિલ હોસ્પીટલમાં ખસેડાયા હતા. પરંતુ સારવાર મળે તે પહેલા જ તેમનું મોત નિપજ્યું હતું. મૃતક વૃધ્ધ મુળ એમ.પી.ના વતની અને તેમને સંતાનમાં બે પુત્ર અને બે પુત્રી હોવાનું જાણવા મળ્યું છે. જયારે બીજા બનાવમાં માંડા ડુંગરમાં ભીમરાવનગર શેરી નં.૧૮માં રહેતા જશુબેન પ્રવિણભાઈ માલણ (ઉ.વ.૫૮) નામના પ્રૌઢા આજે સવારે પોતાના ઘરે હતા ત્યારે હાર્ટકિટ આવતા તેમને સારવાર માટે હોસ્પીટલમાં ખસેડાતા તેમનું મોત નિપજ્યું હતું. આ બનાવથી પરિવારજનોમાં શોકની લાગણી છવાઈ જવા પામી છે.

# ચોટીલાના દેવસરમાં દારૂના નશામાં યુવાને ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

દારૂના દૈત્યએ અનેક પરિવારોના માળા પિંખી નાખ્યા છે અને ત્યારે વધુ એક બનાવમાં ચોટીલાના દેવસર ગામે રહેતા યુવાને દારૂના નશામાં ગળેફાસો ખાઈ આપઘાત કરી લેતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી છે. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ ચોટીલા તાલુકાના દેવસર ગામે રહેતા ચનાભાઈ મનાભાઈ દેત્રોજા નામનો 30 વર્ષનો યુવાન પોતાના ઘરે હતો ત્યારે રાત્રીના આઠેક વાગ્યાના અરસામાં લાકડાની આડીમાં સાડી બાંધી ગળેફાંસો ખાઈ લીધો હતો. ગળેફાંસો ખાઈ લેનાર યુવકને બેભાન હાલતમાં તાત્કાલિક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં યુવકની સારવાર કારગત નિવડે તે પૂર્વે જ ફરજ પરના તબીબે જોઈ તપાસી નિષ્પ્રાણ જાહેર કરતા પરિવારમાં અરેરાટી સાથે કરૂણ કલ્પાંત સર્જાયો હતો. આ અંગે રાજકોટ સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે ચોટીલા પોલીસને જાણ કરતા ચોટીલા પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યો હતો. ચોટીલા પોલીસે જરૂરી કાર્યવાહી કરી યુવકના મૃતદેહને પોસ્ટ મોર્ટમ અર્થે મેડિકલ કોલેજ ખાતે ખસેડડ્યો હતો.પ્રાથમિક પૂછપરછમાં મૃતક યુવાન બે ભાઈમાં નાનો હતો અને મજૂરી કામ કરતો હતો. મૃતક યુવકને સંતાનમાં બે પુત્ર છે. મૃતક યુવકે દારૂના નશામાં ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધું હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે ચોટીલા પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# અગામી તહેવારોને લઈ આંગડિયા અને બેંક મેનેજરો સાથે બેઠક કરતી જામનગર પોલીસ



જામનગર, ઇન્ચાર્જ ડીવાયએસપી જામનગર શહેર વિભાગ નયના ગોરડીયાના અધ્યક્ષ સ્થાને તથા પીએસઆઇ ડી જી રામાનુજની ઉપસ્થિતમાં જામનગર સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે આગામી દિવસોમાં નવરાત્રી દશેરા ના તહેવારોમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે આંગડીયા પેઢીના માલીક મેનેજર તથા બેંક મેનેજરો ની મીટીંગ રાખેલ જેમાં તહેવારો દરમ્યાન તેમજ કાયમ માટે બેંકો તથા આંગડીયા પેઢીમાં સીસીટીવી કેમેરા શુનિશ્ચિત કરવા તેમજ મેન્ટેઈન કરવા તેમજ બેંકોમાં કમ્પેલેઈન બોક્સ મેન્ટેઈન કરવા, તહેવાર દરમ્યાન પૈસાની જરૂરિયાત માટે આંગડીયા પેઢીમાં તથા બેંકોમાં માણસોની ભીડ રહેતી હોય જેથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે પુરતી તકેદારી રાખવી કોઈ બનાવ બને તો તાત્કાલિક પોલીસને જાણ કરવી અત્રે થી સતત પોલીસ પેટ્રોલિંગ રાખવાંમાં આવે છે.

# મોરબીમાં ચાલતા દેશી દારૂના હાટડા પર સ્ટેટ મોનિટરિંગ સેલ ની ટીમ ત્રાટકી

## એસ એમ સી ની ટીમે બાર શખ્સોને દબોચી લઈ કુલ રૂપિયા ૧.૬૮ લાખનો મુદ્દામાલ કબજે કરી દેશી દારૂના છ બુટલેગરોની શોધફળ શરૂ કરી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

મોરબીમાં આવેલ જેતપુર રોડ પર ચાલતા દેશી દારૂ ના હાથડા પર એસએમસીના પી.એસ.આઈ એ વી પટેલ સહિતના સ્ટાફેડો પાડી દેશી દારૂ ની ભઠ્ઠી ચલાવતો સુનિલ સિંગ બ્રિજરાજસિંહ ઠાકોર તથા સિરાજ ફારુક પટ્ટી વિજય ડોંગો સિંગરાજ ડોંગો તથા રામાયણ દુર્ગા ડોંગો તથા જયદેવ ગોખ બીપીન ગોગ તથા શૈલેષ સિંહ અને મનોહર ગોધરા તથા જીતેન્દ્ર મનુ વારાણી અને નાનુલાલ બાબુલાલ ગીરવાલા અને મનસુર હુસેન તથા સુશીલ અભિરનંદ સહિત ૧૨ શખ્સોને દબોચી લઈ ૨૩૬ લીટર દેશી દારૂ રોકડા રૂપિયા ૧૫૦૦૦ ૩ મોબાઈલ ત્રણ વાહનો તથા દેશી દારૂની ભઠ્ઠી ના સાધનો સહિત કુલ રૂપિયા ૧.૬૮ લાખનો મુદ્દા માલ કબજે કર્યો હતો આ દેશી દારૂના હાટડા ચલાવતો વીસીપરા નો તૈયબ ગુલામ માણેક દેશી દારૂ મોકલાવનાર અને ત્રાપજ ગામનો મનસુખે માછો રમેશ કોળી તથા ઈન્દિરા નગરનો મનોજ કોળી સહિત છ શખ્સોની શોધખોળ શરૂ કરી છે.

# નવરાત્રિ દરમિયાન દીકરીઓની સુરક્ષા માટે જામનગર પોલીસ સજ્જ




જામનગર જિલ્લા પોલીસ દ્વારા નવરાત્રિ પર્વ દરમિયાન દીકરીઓની સુરક્ષા માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. પોલીસે દીકરીઓને સુરક્ષિત રહેવા માટે કેટલીક મહત્વની સલાહ આપી છે. પોલીસે દીકરીઓને સલાહ આપી છે કે તેઓ ગરબા રમવા જતા પહેલાં તેમના પરિવારજનોને પોતાનું સ્થળ અને મિત્રોના નંબર જણાવી દે. આ ઉપરાંત, પોતાના મોબાઈલમાં લોકેશન સેટિંગ હંમેશા ઓન રાખવું જોઈએ. પોલીસે દીકરીઓને અજાણી વ્યક્તિઓ પર વિશ્વાસ ન કરવા અને તેમના આપેલા ખાદ્યપદાર્થો ન લેવાની સલાહ આપી છે. સોશિયલ મીડિયા પર અજાણી વ્યક્તિઓ સાથે વ્યક્તિગત માહિતી શેર ન કરવા અને પરિચિત જૂથમાં જ રહેવાની સલાહ પણ આપવામાં આવી છે.પોલીસે દીકરીઓને અજાણી વ્યક્તિઓ સાથે એકાંતમાં ન જવા અને ભીડવાળા રસ્તાઓ પસંદ કરવાની સલાહ આપી છે. જો કોઈ મુશ્કેલી આવે તો તરત જ ૧૦૦ નંબર પર સંપર્ક કરવા જણાવ્યું છે. પોલીસ દ્વારા આપવામાં આવેલી આ સલાહને અનુસરીને દીકરીઓ નવરાત્રિ પર્વને સુરક્ષિત અને યાદગાર બનાવી શકે છે.

# નવરાત્રી ના પડઘમ : બજારો માંના શણગારથી છલકાઈ



(તસ્વીરઃ આનંદ જાવિયા)

નવરાત્રિના આડે હવે બે દિવસનો સમય બાકી રહ્યો છે વિશ્વના સૌથી લાંબા તહેવાર એવા નવરાત્રીમાં માની આરાધના સાથે ભારત જ નહીં પરંતુ વિશ્વના મહત્તમ દેશોમાં પૂજન અર્ચન થશે ગુજરાતીઓના તહેવાર ગણાતા નવરાત્રીમાં પ્રાચીન રાસ સાથે અર્વાચીન ગરબા પણ રંગ જમાવશે નવલા નોરતા હોય અને માનો શણગાર કેમ ભુલાય? રાજકોટ સહિત સૌરાષ્ટ્રની મુખ્ય બજારમાં માતાજીને ચડાવતા શણગારને લેવા માય ભક્તો એ લાઇન લગાવી છે બજારો પણ માની ચુંદડી, હાર, રંગબેરંગી ઈંઢોણી,ગરબા તેમજ વિવિધ પ્રકારના દાંડિયા ઉપલબ્ધ બન્યા છે ગત વર્ષની તુલનામાં માના શણગારને પણ મોંઘવારી નડી છે ગત વર્ષની તુલનાએ અંદાજિત ૧૫% નો ભાવ વધારો તમામ વસ્તુઓમાં નોંધાયો છે તેમ છતાં ભાવિકો હોશે હોશે આ શણગાર ખરીદી કરી રહ્યા છે.

# રાજકોટના પુર્વ જીલ્લા શિક્ષણાધિકારી સ્વ. પ્રફુલચંદ્ર હરીલાલ પાણેરીની આજે ૯૨મી જન્મ જયંતી



આજે તા : ૦૧ રોજ મૂળ ગોંડલ ના વતની , રાજકોટ ના પુર્વ જીલ્લા શિક્ષણાધિકારી , ગુજરાત હાઈકોર્ટ ના વરિષ્ઠ એડવોકેટ , મારા દાદાજી સ્વ પ્રફુલચંદ્ર હરીલાલ પાણેરી ની આજે ૯૨ મી જન્મ જયંતી છે સન ૧૯૫૫ મા જ્યારે ગુજરાત મહારાષ્ટ્ર બન્ને રાજ્યો એક હતા જે બોમ્બે સ્ટેટ કહેવાતું , ત્યારે સૌરાષ્ટ્ર - કચ્છ એક અલગ રાજ્ય હતું જ્યારે ભાગ્યે જ કોઈ મેટ્રિક પાસ થતું તે સમય સ્વ. પ્રફુલચંદ્ર હરીલાલ પાણેરી ગ્રેજ્યુએટ થઈ સૌરાષ્ટ્ર રાજ્ય ના શિક્ષણ વિભાગ મા એજ્યુકેશન ઓફિસર તરીકે જોડાયા , સરકાર ના શિક્ષણ વિભાગ મા વર્ગ મુજબ ના અભ્યાસક્રમો નક્કી કરવા તેમજ અભ્યાસક્રમો મા સમયાંતરે ફેરફાર કરવા માટે સરકાર મા તેમની ખુબ મહત્વ ની ભૂમિકા રહેતી હતી , તે વખત ની સરકાર મા તેમને શિક્ષણશાસ્ત્રી પણ કહેવાતા , તેઓને વાંચન નો ખુબ શોખ હતો જેથી તેઓએ લો નો અભ્યાસ કરીને એલ.એલ.બી ની ડીગ્રી પ્રાપ્ત કરી અને નિવૃત્તિ પછી તેઓએ વકીલાત શરૂ કરી હતી. સ્વભાવે એકદમ શાંત સરળ અને મૃદુભાષી એવા સ્વ પ્રફુલચંદ્ર હરીલાલ પાણેરી ની આજે જન્મ જયંતી નિમિત્તે તેમની સ્મૃતિ મા ગૌ શાળા મા ગાયો ને ઘાસ નાખવું , દરિદ્ર નારાયણ ને ભોજન કરાવવું જેવા સત્કર્મો કરવામાં આવશે.

# દોઢ વર્ષથી બસમાં મુસાફરોને ઘેની બિસ્કીટ ખવડાવી લૂંટ ચલાવતો તસ્કર ઝડપાયો

## બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમે તસ્કરને દબોચી લઈ પંદરથી વધુ લુટ અને ચોરીના બનાવોના ભેદ ઉકેલ્યાઃ સુરત ભુજ અને રાજકોટ સહિત અન્ય શહેરના લોકોને તસ્કરોએ નિશાન બનાવ્યા

મુખ્ય સમાચાર, રાજકોટ

રાજકોટ શહેરના નવા બસ સ્પોર્ટ માં બસમાં બેસી બાજુમાં બેઠેલા અન્ય મુસાફરોને ઘેની બિસ્કીટ ખવડાવી ચોરી કરતા તસ્કરને દબોચી લેવામાં ક્રાઈમ બ્રાન્ચની ટીમને સફળતા મળી છે.



(તસ્વીરઃ આનંદ જાવિયા)

ડીસીપી ક્રાઈમ પાર્થરાજસિંહ ગોહિલ દ્વારા પત્રકાર પરિષદને સંબોધન કરતા જણાવ્યું હતું કે છેલ્લા દોઢ વર્ષથી રાજકોટ સુરત ભુજ સહિત અનેક શહેરોમાં બસમાં બેઠેલા અન્ય મુસાફરોને ઘેની બિસ્કીટ ખવડાવી ચોરી કરતો તસ્કર મહેન્દ્રસિંહ હરૂભા ચુડાસમા નમના શખ્સને ક્રાઈમ બ્રાન્ચ ની ટીમે ચોક્કસ બદમી ના આધારે રાજકોટ બસ સ્ટેશન પરથી દબોચી લીધો હતો ઝડપાયેલા મહેન્દ્રસિંહ ચુડાસમા ની આખરી પૂછપરછ કરતા આ શકશે કબુલાત આપી હતી કે છેલ્લા દોઢ વર્ષથી તે અલગ અલગ શહેરોમાં ચોરી અને લૂંટ કરતો રહ્યો છે આ શખ્સ મેડિકલ સ્ટોર માં થી ગેની ટેકરીઓ લઈ તેનો પાવડર બનાવી બિસ્કીટ કે અન્ય વસ્તુઓમાં ભેળવી દઈ પછી બસમાં બેઠો હોય ત્યારે જે લોકોને બાજુમાં બેઠા હોય તેને એની વસ્તુ ખવડાવી બેભાન કરી નાખ્યા બાદ તેની રોકડ અને કીમતી માલસામાન ચોરી કરી લેતો હતો ભોગ બનનાર લોકો ત્રણ ત્રણ દિવસે ભાનમાં આવતા હતા અગાઉ સુરત ભુજ અને રાજકોટ સહિત અનેક શહેરોમાં આવી ફરિયાદો નોંધાય છે પોલીસે આ તસ્કરને દબોચી લઈ પંદર જેટલી ચોરીના ભેદ ઉકેલ નાખ્યા છે.

# સરદાર સરોવર ડેમ છલકાયો : નર્મદા નીરના વધામણા કરતા મુખ્યમંત્રી

## ભરપુર ચોમાસાના કારણે બંધની સપાટી ૧૩૮.૬૮ મીટરે પહોંચી : ભુપેન્દ્રભાઇ પટેલે નર્મદા નીરને ચુંદડી, શ્રીફળ, કંકુ, ચોખા અર્પણ કર્યા

મુખ્ય સમાચાર,રાજકોટ

૭ કરોડ ગુજરાતઓ માટે આનંદના સમાચાર છે, રાજયની જીવાદોરી ગણાતો સરદાર સરોવર નર્મદા ડેમ આજે છલકાઇ ગયો છે અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે કેવડીયા કોલોની ખાતે પહોંચીને નર્મદા નીરના વધામણા કર્યા હતા. ડેમની સપાટી ૧૩૮.૬૮ મીટરે પહોંચી છે અને સીઝનમાં પહેલી વાર છલકાયો છે.

આ ચોમાસા દરમ્યાન નર્મદા ડેમના દરવાજા ૩૩ વખત અલગ અલગ સમયે ખોલવામાં આવ્યા હતા અને અત્યાર સુધીમાં કુલ ૭૭.૩૯ લાખ કયુસેક પાણી છોડવામાં આવ્યું હતું. છેલ્લા આઠ વર્ષમાં છઠ્ઠી વખત નર્મદાબંધ છલકાયો છે અને તેના કારણે રાજયના પાંચ કરોડ લોકોને રોજ બે વખત પાણી પુરૂ પાડી શકાશે. જયારે ૧૬.૯૯ લાખ હેકટર જમીનને સિંચાઇનું પાણી મળશે. બંધમાં હાલ ૫.૭૬ લાખ કરોડ લીટર પાણીનો સંગ્રહ છે.

૨૦૧૭માં પ્રથમ વખત નર્મદાબંધ ઓવરફલો થયો હતો અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નીરના વધામણા કર્યા હતા ત્યારબાદ ૨૦૧૯ના વડાપ્રધાનના જન્મદિને ફરી નર્મદાબંધ ઓવરફલો થતા મોદી કેવડીયા કોલોની ખાતે પહોંચ્યા હતા અને નર્મદા નીરને કંકુ, ચોખા છાંટીને વધાવી લીધા હતા.



ત્યારબાદ ૨૦૨૦, ૨૦૨૨, ૨૦૨૩માં પણ નર્મદાબંધ ઓવરફલો થયો હતો જયારે ૨૦૧૮ અને ૨૦૨૧માં અપુરતા વરસાદના કારણે નર્મદાબંધ છલકાયો ન હતો. ગઇકાલથી જ પાણીની આવક હતી પરંતુ ડેમની સપાટી ૧૩૮.૬૧ મીટર સ્થિર રાખીને વધારાનું પાણી છોડવામાં આવ્યું હતું અને આજે તે ૧૩૮.૬૮ મીટર પહોંચતા જ તેના વધામણા કરાયા હતા. મંત્રોચ્ચાર સાથે નર્મદા નદીના નીરને ચુંદડી, શ્રીફળ, કંકુ, ચોખા અર્પણ કરાયા હતા.

# ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા રાજકોટમાં વિશ્વ હૃદયરોગ દિવસની ઉજવણી કરાઇ

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા રાજકોટમાં વિશ્વ હૃદય રોગ દિવસ ની ઉજવણી ગુજરાત રાજ્ય યોગ બોર્ડના અધ્યક્ષ ઉર્જાવાન મહાયોગી શ્રી શિશપાલ સિંહ રાજપુત ના માર્ગદર્શનથી હૃદય રોગ નિવારણ શિબિર તા.૨૯ સવારે ૬વાગ્યે ભવ્ય યોગ શિબિર નું આયોજન ન્યુ ગાંધી સોસાયટી અજમેરાનગર રાજકોટ ખાતે કરવામાં આવ્યું શિબિર ની શરૂઆત સમર્પણ ધ્યાનના આચાર્યશ્રી ધીમતભાઈ ઢેબર અને મહિલા કોલેજના પ્રોફેસર પૂજાબેન દ્વારા ધ્યાનથી કરવામાં આવી આ શિબિર માં રાજકોટ ના મહાઅનુભવ આપણા મેયર નયના પેઢડીયા દંડક શ્રી મનીષભાઈ, જ્યોતિબેન ટીલવા,વિઠ્ઠલભાઈ ઉદ્યોગપતિ, હિરેનભાઈ મુંગપરા સોસાયટી પ્રમુખ હાર્ટ ડોક્ટર નટવરસિંહ પરમાર આર્ય સમાજ પ્રમુખ ડી એસ ડી ઓ ધ્રુવ સાહેબ ડોક્ટર ભાનુભાઈ આયુર્વેદ



હોસ્પિટલ ના ચેરમેન, કાંતાબેન વાછાણી એક્યુપ્રેશર,વૈષ્ણવ વલભી યુદ્ધના ટ્રસ્ટી વિજયભાઈ સેંજલીયા અને યોગ દ્વારા હૃદય રોગ નિવારણ વિષય પર માર્ગદર્શન આપેલ યોગ નો પ્રચાર પ્રસાર કરેલો તથા હૃદયરોગ નિવારણ તથા જાગૃતતા લાવવા આ શિબિર માં પરિવાર સાથે ભાગ લેવા અને એક કૃતિ કરી બધાને યોગ માટેની સમજણ કરાવેલ આ સાથે ધ્યાન અને યોગ શિબિર નો આહવાન કરેલ છે. ઉત્સાહમાં ઉર્જાવાન થઈ સ્વાગત કરી બધા એ આભાર વ્યક્ત કરેલ છે. ગખૂબ જ વરસાદ હોવા છતાં તેમજ ગ્રાઉન્ડ પૂરેપૂરું પાણીથી ભરાઈ ગયા હોવાથી ૨૫૦ સાધકોની સંખ્યામાં ખુબ સરસ શિબિર ગુજરાત રાજ્ય યોગ બોર્ડના સર્વ કોચ અને ટ્રેનારો સૌનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો

# ઈવનિંગપોસ્ટના સીનીયર સીટીઝન માટે સંગીત સંધ્યાનો કાર્યક્રમ

સરગમ ક્લબ સંચાલિત સીનીયર સીટીઝન પાર્ક ઈવનિંગ પોસ્ટ માં તા.૦૨/૧૦/૨૪ બુધવાર નાં રોજ ૫:૩૦ કલાકે હારમોનીયમ મ્યુઝિકલ ગ્રૂપ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે. અને તા. ૦૫/૧૦/૨૪ શનિવાર નાં રોજ ૫:૩૦ કલાકે નસંગીત દોર પ્યાર કા જોરથ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તા. ૦૬/૧૦/૨૪ રવિવાર નાં રોજ ૫:૩૦ કલાકે સુરસનમ મ્યુઝિકલ ગ્રુપ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે. તો તમામ સરગમ કલબના ઈવનિંગ પોસ્ટના તમામ સભ્યોએ આઈકાર્ડ ઉપર પ્રવેશ મળશે. આઈકાર્ડ સાથે લઈને આવવું ફરજીયાત છે તેના વગર પ્રવેશ નહિ મળે. તમામ મેમ્બરે સમયસર હાજરી આપવી . કાર્યક્રમને સફળ બનાવવા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ ઈવનિંગ પોસ્ટનાં ઈન્ચાર્જ મનસુખભાઈ મકવાણા, સહ ઈન્ચાર્જ જયપાલસિંહ ઝાલા, હરનેશભાઈ સોંલકી, દિપકભાઈ પરમાર, અનુકકુમાર મિશ્રા, સબ્બીરભાઈ ધાનાણી વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

# હાપા-કટરા અને જામનગર-કટરા શ્રી માતા વૈષ્ણોદેવી એક્સપ્રેસ આંશિક રીતે ડાયવર્ટ કરેલા રૂટ પર દોડશે

ઉત્તર રેલવેના ફિરોઝપુર ડિવિઝનના જલંધર કેન્ટ સ્ટેશનના વિકાસ કાર્ય માટે ટ્રાફિક અને ઘઇંઉ બ્લોકને કારણે, નીચેની ટ્રેનો ને આંશિક રીતે ડાયવર્ટ કરેલા રૂટ વાયા લુધિયાણા–ફિલૌર–નકોદર–લોહિયાન ખાસ–કપૂરથલા–જાલંધર સિટી થઈને ચલાવવામાં આવશેઃ ૧) ૦૨.૧૦.૨૦૨૪ ની ટ્રેન નંબર ૧૨૪૭૭ જામનગર–શ્રી માતા વૈષ્ણો દેવી કટરા સુપરફાસ્ટ એક્સપ્રેસ . ૨) ૦૧.૧૦.૨૦૨૪ અને ૦૮.૧૦.૨૦૨૪ ની ટ્રેન નંબર ૧૨૪૭૫ હાપા–શ્રી માતા વૈષ્ણો દેવી કટરા સુપરફાસ્ટ એક્સપ્રેસ.વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# ગાંધીગ્રામ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘના બાળમુમુક્ષુ તીર્થ સંયમના માગે પ્રર્યાણ કરશે

## ૧૧ ડિસેમ્બરના દિવ્ય દીક્ષા સમારંભ - શંખેશ્વરમાં ભગવંતોના શુભહસ્તે શુભમંગલ મુહૂર્ત પ્રદાન

મુખ્ય સમાચાર,રાજકોટ

રાજકોટમાં ગાંધીગ્રામ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘના ચિ.તીર્થ ક્મલેશભાઈ શેઠ (ઉ.વ. ૧૪)એ સંયમનો માર્ગ અપનાવીને ૧૧ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ દીક્ષા ગ્રહણ કરવાનો નિર્ણય કર્યો છે. આ મહોત્સવ માટે સફળતા એ છે કે આ શંખેશ્વર ખાતે ગુરુભગવંતોનાં શુભ હસ્તે આ વિશિષ્ટ મુહૂર્ત પ્રદાન કરવામાં આવ્યું છે. આ દીક્ષા મહોત્સવ ૮ વર્ષ પહેલા સ્થાપિત શિખરબંધી દેરાસર અને ઉપાશ્રયમાં ઉજવવામાં આવશે, જ્યાં આ વર્ષે અનેક ગુરુદેવોના પાવન આશિર્વાદ પ્રાપ્ત થયા છે. છેલ્લા ૮ વર્ષથી સંઘમાં ધાર્મિક અને સંયમસભર ઉત્સવોની ઉજવણી સાથે આ વિચારપ્રવૃત્તિ પ્રગતિશીલ રહી છે. આ મુહૂર્ત સાથે, દીક્ષાર્થીઓએ જીવનના અધ્યાત્મિક માર્ગ પર આગળ વધવા માટે સંકલ્પ કર્યો છે. આઠ વર્ષ પહેલાં ગાંધીગ્રામ શ્વેતામ્બર મૂર્તિપૂજક



જૈન સંઘના શિખરબંધી દેરાસરમાં પ્રભુ પાર્શ્વનાથ અને અન્ય ૧૧ ભગવાનના સ્થાપન સાથે જિનાલયની સ્થાપના કરવામાં આવી હતી. આ ધામમાં નસ્રસત્યપુન ધામસ્રસ્ર ઉપાશ્રયનું નિર્માણ અને અનેક ગુરુભગવંતોની પધરામણી થકી ધાર્મિક વાતાવરણ ખુબ પ્રબળ બન્યું છે. છેલ્લા આઠ વર્ષોમાં ચોમાસા દરમ્યાન અણેક પૂજાઓ અને ધાર્મિક પ્રવૃત્તિઓ યોજાઈ. જેના કારણે સંઘમાં અનેક શ્રાવક અને શ્રાવિકાઓએ ગાઢ શ્રદ્ધા સાથે ધર્મ આરાધનામાં ભાગ લીધો છે. દીક્ષા મહોત્સવના પવિત્ર પ્રસંગે, સંઘના પન્યાસ પ્રવર વજસેન વિજય મહારાજા તથા આચાર્ય ભગવંત મનમોહન સૂરીશ્વરજી મહારાજા અને હેમપ્રભસૂરીશ્વર મહારાજા જેવા અનેક ગુરુભગવંતોના આશિર્વાદ સાથે આ મૂહૂર્તને શ્રેષ્ઠતા પ્રાપ્ત થઈ છે. દીક્ષા મહોત્સવની વિશેષતાઓની વાત કરવામાં આવે તો તીર્થનો આ મહાન પ્રસંગ શેઠ પરિવારના બાળક તીર્થ દ્વારા પૂર્ણ કરવામાં આવશે. સોનલબેન અને ક્મલેશકુમાર શેઠના સુપુત્ર તીર્થએ વ્રજહેમ પાઠશાળામાં ઉત્કૃષ્ટ ધાર્મિક શિક્ષણ પ્રાપ્ત કરીને આ દિવસ સુધીના સંયમના ગુણો પ્રાપ્ત કર્યા છે. આ પવિત્ર પ્રસંગે સમગ્ર જૈન સંઘે અને તેમના મીત્રો, શુભેચ્છકોએ તીર્થના ભાવિ જીવન માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

# ગુ.ક્ષ.કડીયા જ્ઞાતિ, રાજકોટ દ્વારા મેગા સરસ્વતી સન્માન સમારોહ આવતીકાલે યોજાશેઃ નરેન્દ્રભાઇ સોલંકી


મુખ્ય સમાચાર,રાજકોટ

ગુર્જર ક્ષત્રિય કડિયા જ્ઞાતિ સમસ્ત રાજકોટ દ્વારા પ્રમુખ શ્રી નરેન્દ્રભાઈ સોલંકી (નરેન્દ્રબાપુ ગુરૂ શ્રી જીવરાજ બાપુ) ની અધ્યક્ષતામાં શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા જ્ઞાતિ ના વિદ્યાર્થી દીકરા- દીકરીઓના હિતાર્થે મેગા શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા જ્ઞાતિ સરસ્વતિ સન્માન સમારોહ તા. ૨-૧૦-૨૦૨૪ ને બુધવારનું આયોજન કરવામાં આવી રહ્યુ છે. છેલ્લા ઘણા વર્ષોથી જ્ઞાતિ ના અભ્યાસ કરતા વિદ્યાર્થી દીકરા -દીકરીઓને શૈક્ષણિક સહાય મળી રહે તેમજ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળી રહે તે હેતુ થી શ્રી ગુર્જર ક્ષત્રીય કડિયા જ્ઞાતી સરસ્વતી સન્માન સમારોહ તા.૨-૧૦- ૨૦૨૪ ને બુધવાર નું ભવ્યાતી ભવ્ય આયોજન કરવામાં આવી રહ્યુ છે. શ્રી ગુર્જર ક્ષત્રીય કડિયા જ્ઞાતીના હોશીયાર વિદ્યાર્થીઓ, દીકરા - દીકરીઓને મદદ રૂપ થવાના શુભ આશય થી સંપૂર્ણ પણે વિના મુલ્યે પાકા પુઠાનો ૧૫૦ પેજનો ચોપડો એવા ૧૦ ચોપડાનું પેકીંગ એવા એક સેટનું વિતરણ દરેક ધોરણના વિદ્યાર્થીઓને આપવામાં આવશે સાથે સાથે સ્કુલ બેગ તથા દરેક વર્ગ માં પ્રથમ ૧ થી ૩ નંબર આવનાર વિદ્યાર્થીઓને શીલ્ડ આપી સન્માન કરવામા આવે છે. આ સરસ્વતી સન્માન સમારંભ માં દર વર્ષે ૨૫૦૦ થી ૩૦૦૦ વિદ્યાર્થીઓ તેમજ તેમના વાલીશ્રીઓ પણ સાથે હાજર રહીને તાલીઓના ગડગડાટ વચ્ચે પોતાનુ શીલ્ડ અને સન્માન પત્ર મેળવે છે ત્યારે નાના ભુલકા ઓનો આનંદ સમાતો હોતો નથી.

વિદ્યાર્થી સન્માન સમારોહનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળી રહે અને તેમનું સન્માન કરીને શ્રી ગુર્જર ક્ષત્રિય કડીયા જ્ઞાતિ જનોમા શિક્ષણ નું મહત્વ વધે તેવા પ્રયત્નો કાયમી ધોરણે કરવામા આવે છે અને ભવિષ્યમાં પણ કરતા રહેશું. અમારો હેતુ જ્ઞાતિનાં દરેક બાળકો તેમજ યુવાભાઈઓ-બહેનો શિક્ષિત થાય અને બાળકોનુ ભાવિ ઉજ્જ્વળ બને તેવા શુભ ઈરાદા થી સમાજ દ્વારા શૈક્ષણિક પ્રવૃતિઓ ચલાવવામાં આવી રહી છે. વિદ્યાર્થીઓને વિનામૂલ્યે પુસ્તક સહાય ઘણા વર્ષોથી આપવામાં આવે છે. દરેક સમાજ ની પ્રગતિ નો આધાર શિક્ષણ ઉપર રહ્યો છે. છેલ્લા ઘણાં વર્ષોમા આવા પ્રયત્નો દ્વારા સમાજ માં શૈક્ષણિક પ્રગતિ થઇ છે. શ્રી ગુર્જર ક્ષત્રિય કડીયા જ્ઞાતીમાં ડોકટરર્સ, એન્જીનીયર્સ, એડવોકેટસ, સોફટવેર એન્જીનીયર્સ તેમજ સરકારી ઓફીસર બનવા લાગ્યા છે. બાંધકામ ના વ્યવસાય ઉપર આધારિત આ સમાજ ધીરે ધીરે શૈક્ષણીક ક્રાંતી દ્વારા અન્ય વ્યવસાય તરફ વળવા લાગ્યો છે.

જે રીતે આધુનીક દુનિયામાં વિશ્વ આગળ વધી રહયુ છે તે જોતા એવુ લાગે છે કે શિક્ષણ સિવાય સમાજની પ્રગતી શકય નથી તેવું હવે સમાજના લોકો સમાજવા લાગ્યા છે. પરંતુ શ્રી ગુર્જર ક્ષત્રિયા કડીયા જ્ઞાતી રાજકોટના પ્રમુખશ્રી નરેન્દ્રભાઇ સોલંકી (નરેન્દ્રબાપુ ગુરુ શ્રી જીવરાજ બાપુ) દ્વારા મેગા સરસ્વતી સન્માન સમારોહ તા. ૨-૧૦-૨૦૨૪ ને બુધવારના યોજવામાં આવ્યો છે. જે કાર્યક્રમની સમાજના દરેક વિદ્યાર્થીઓ તથા તેના વાલીઓ આતુરતાથી રાહ જોતા હોય છે.

આ ત્રિવિધ સમારોહ ૨૦૨૪, મેગા સરસ્વતી સન્માન સમારોહ તા. ૨-૧૦-૨૦૨૪, બુધવાર (ગાંધી જયંતિ ના દિવસે બપોરે ૨ કલાકે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર હોલ, કાલાવડ રોડ, રાજકોટ ખાતે યોજવામાં આવ્યો છે. આ સમારોહમાં સમયસર હાજરી આપવા દરેક વિદ્યાર્થી-વિદ્યાર્થીની અને દરેક વાલીઓને સમયસર હાજર રહેવા જ્ઞાતિ પ્રમુખનું આહવાન છે. તેમજ આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ વિશેષ તરીકે શ્રી પરસોતમભાઈ રૂપાલા (સાંસદ સભ્યશ્રી, રાજકોટ),શ્રી રામભાઇ મોકરીયા (સાંસદ સભ્યશ્રી) શ્રી ઉદયભાઇ કાનગડ (ધારાસભ્યશ્રી),ડો. દર્શીતાબેન શાહ (ધારાસભ્યશ્રી), શ્રી રમેશભાઇ ટીલાળા (ધારાસભ્યશ્રી),શ્રી ગોવિંદભાઇ પટેલ (પૂર્વ ધારાસભ્યશ્રી),શ્રી રાજુભાઇ ધ્રુવ (પ્રવકતા સૌરાષ્ટ્ર કચ્છ ભા.જ.પ.),શ્રી ધનસુખભાઇ ભંડેરી (પૂર્વ ચેરમેનશ્રી, મ્યુનિ. ફાય. બોર્ડ),શ્રી વિજયભાઇ રૂપાણી (પૂર્વ મુખ્યમંત્રીશ્રી ગુજરાત રાજ્ય ),શ્રી કુંવરજીભાઇ બાવળીયા (કેબીનેટ મંત્રીશ્રી),શ્રીમતી ભાનુબેન બાબરીયા (કેબીનેટ મંત્રીશ્રી),શ્રી નરેન્દ્રસિંહ જાડેજા (ડે. મેયરશ્રી, રાજકોટ મ્યુ.કો.),શ્રી જૈમીનભાઇ ઠાકર (ચેરમેનશ્રી સ્ટે. કમીટી,રા.મ્યુ.કો.),શ્રી લીલુબેન જાદવ (નેતાશ્રી, શાસક પક્ષ, રા.મ્યુ.કો.) ,શ્રી મનીષભાઇ રાડીયા (દંડકશ્રી, રા.મ્યુ.કો.),શ્રીમતી શિલ્પાબેન જાવીયા (મંત્રીશ્રી રાજકોટ શહેર ભાજપ),શ્રી કિશોરભાઇ પરમાર (પૂર્વ કોર્પોરેટરશ્રી),શ્રી મુકેશભાઇ દોશી (પ્રમુખશ્રી, રાજકોટ શહેર ભા.જ.પ.),શ્રીમતી નયનાબેન પેઢડીયા (મેયરશ્રી રાજકોટ મ્યુ.કો.),શ્રી વિરેન્દ્રસિંહ ઝાલા (મહામંત્રીશ્રી, રાજકોટ શહેર ભા.જ.પ.),શ્રી અશ્વીનભાઇ મોલીયા (મહામંત્રી શ્રી, રાજકોટ શહેર ભા.જ.પ.),શ્રી માધવભાઇ



દવે(મહામંત્રી શ્રી, રાજકોટ શહેર ભા.જ.પ.),શ્રી વિક્રમભાઇ પુજારા (ચેરમેનશ્રી, શિક્ષણ સમિતિ, રાજકોટ),શ્રી રવજીભાઇ મકવાણા (કોર્પોરેટરશ્રી),શ્રીમતિ દક્ષાબેન વાઘેલા (કોર્પોરેટરશ્રી) હાજરી આપશે. આ વિશાળ આયોજનને સફળ બનાવવા માટે નરેન્દ્રભાઇ સોલંકીની રાહબરી તથા માર્ગદર્શન હેઠળ જ્ઞાતીના તમામ આગેવાનશ્રીઓ તેમજ તમામ પ્રકારના કાર્યકર્તાઓ પણ પ્રયત્નશીલ છે. આ માટે સમાજમાંથી સમાજના આગેવાનશ્રીઓ, બીલ્ડરશ્રીઓ, ડોકટરશ્રીઓ, વકીલ શ્રીઓ, એન્જીનીયરશ્રીઓ, આર્કીટેકશ્રીઓ તેમજ જ્ઞાતિના દરેક નોકરીયાતશ્રીઓ, જ્ઞાતિના દરેક ભાઈઓ-બહેનો દ્વારા આ શૈક્ષણિક કાર્યક્રમ માટે સમાજની અંદર સમાજના દરેક બાળકોને તેમજ સમાજના દરેક યુવા ભાઈઓ-બહેનો ને યોગ્ય પ્રમાણમાં શિક્ષણ મળી રહે તે માટે મન મુકી હર હંમેશ દિલ ખોલીને દાન આપતા હોય છે. સમાજમાથી દાન પ્રાપ્ત થાય તે મેળવવા માટે થઇ અને સમાજના કાર્યકર્તાઓ સમાજના જ્ઞાતી બંધુઓ સાથે જ્ઞાતી અગ્રણીઓ મુલાકાત લઇ રહયાં છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# સિંધી કોલોની પાસે જલારામ બેકરીમાં બલાસ્ટઃ બે ગંભીર

## જી.એસ.પી.સી.ની ગેસ લાઈનમાં ખાનાખરાબી સર્જાતા વિસ્ફોટ થયો'તો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટના ભિસ્તીવાડમાં સિંધી કોલોની નજીક આવેલી જલારામ બેકરીમાં રાત્રિના ૮:૩૦ વાગ્યાના સુમારે એકાએક પ્રચંડ બ્લાસ્ટ થયો હતો જે બ્લાસ્ટ છેક જામનગર રોડ સુધી સંભળાયો હતો. બાદમાં બેકરીની અંદર ભારે નાશ ભાગ મચી હતી. આ બ્લાસ્ટમાં બે મજૂરો ઘવાયા હોવાનું જાણવા મળી રહ્યું છે

રાજકોટના જામનગર રોડ પરથી ભિસ્તીવાડ તરફ જવાના રસ્તે સિંધી કોલોની નજીક મોટી જલારામ બેકરી આવેલી છે. અને તે દીપેન સિંધી અને ધનો સિંધી નામના વ્યક્તિઓ ચલાવી રહ્યા છે. રાત્રિના ૮:૩૦ વાગ્યાના અરસામાં આ બેકરીની અંદર ગોડાઉન આવેલું છે. કે જ્યાં અંદર બેકરીની આઈટમો બને છે. તે વિભાગમાં એકાએક પ્રચંડ બ્લાસ્ટ થયો હતો અને આખે આખું જલારામ બેકરી વાળું બિલ્ડીંગ ધણધણી ઉઠ્યું હતું. આ ધડાકો એટલો પ્રચંડ હતો કે, છેક જામનગર રોડ સુધી તેનો તીવ્ર અવાજ સંભળાતા લોકો ધસી આવ્યા હતા અને શું થયું તેવા સૌના મુખે ઉદ્ગારો સંભળાઈ રહ્યા હતા. આ ઘટનાની જાણ થતા મેઈન ફાયર બ્રિગેડ અને રેલનગર વિસ્તારમાંથી ત્રણ ફાયર ફાઈટર ઘટના સ્થળે દોડી ગયા હતા આ ઉપરાંત બેકરીને અડીને ઈલેક્ટ્રિક વિભાગનું ટિસી આવેલું હોય તે પણ તાત્કાલિક બંધ કરાવવામાં આવ્યું હોસની લાઈન લીક હોવાની શંકા ગોડાઉનમાં ભારે ખાના ખરાબી સર્જાઈ હતું. આ ઉપરાંત અંદર ગોડાઉનના ભાગે પ્રચંડ બ્લાસ્ટ થવાથી ભારે ખાના ખરાબી સર્જાઈ હતી અને આ ખાના ખરાબીમાં કમલ પાદવ અને વિમલ પાદવ


(તસ્વીરઃ આનંદ જાવિયા)

નામના બે બિહારી મજૂરો કે જે બેકરીમાં કામ કરતા હતા તે બંને ગંભીર રીતે ઘવાતા તાબડતોબ બંનેને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન એવું જાણવા મળ્યું હતું કે, બેકરીના ગોડાઉનમાં જીએસપીએલની કોમર્શિયલ લાઈન લેવામાં આવી છે અને આ લાઈન છેલ્લા બે દિવસથી લીક હતી તે અંગે કમ્પ્લેઈન પણ નોંધાવવામાં આવી હતી પરંતુ હજુ સુધી તે કમ્પ્લેઈન સોલ્વ કરવામાં આવી ન હતી. ત્યારે આ બ્લાસ્ટ તેના કારણે જ ઊભી કરવામાં આવેલી ગેસ લાઈનની પાઈપમાં થયો હોવાનું જાણવા મળી રહ્યું છે છતાં પણ તંત્રએ વધુ તપાસ હાથ ધરી છે.

# સનાતન પાર્કના પ્રૌઢનું છ શખ્સોએ અપહરણ કરી માર માર્યો

## મિત્રએ લીધેલા રૂપિયાની ઉઘરાણી કરી છ શખ્સોએ પ્રૌઢનું અપહરણ કર્યું

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના કોઠારીયા રોડ સનાતન પાર્કમાં રહેતા પ્રૌઢનું છ શખ્સોએ અપહરણ કરી તેને ઢોર માર મારતાં આ બાબતે આજીડેમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. હુમલામાં ઘવાયેલ પ્રૌઢે ફરિયાદમાં મિત્રએ લીધેલા ઉછીના રૂપિયાની ઉઘરાણી કરી પાંચ શખ્સોએ માર માર્યો હોવાનું ફરિયાદમાં જણાવ્યું છે. પ્રૌઢને બચાવવા બચેલા તેના મિત્ર કાપડના વેપારીને પણ ટોળકીએ માર માર્યો હતો.સનાતન પાર્કમાં રહેતા જગદીશભાઈ મનસુખભાઈ આસોદરીયા (ઉ.વ.૫૨)એ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે દર્શિત સોરઠીયા, દિવ્યેશ કુમ્ભર, જય, હિતેશ ડોડીયા, દર્શિતનો ભાઈ અને એક અજાણ્યા શખ્સનું નામ આપ્યું છે.

હરિયાદમાં મુજબ જગદીશભાઈના મિત્ર કે જેણે દર્શિત સોરઠીયા પાસેથી રૂા.૧૦.૫૦ લાખ લીધા હતાં. જે રકમ તેને પરત આપી ન હોય જેથી તે વારંવાર ઉઘરાણી કરતો હોય અને જગદીશભાઈનો મિત્ર કોઈ જવાબ આપતો ન હોય તેથી આ ટોળકી જગદીશભાઈના ઘરે આવી હતી અને જગદીશભાઈનું સ્કુટરમાં વાર અપહરણ કરી લીધું હતું. આ ટોળકીએ જગદીશભાઈને સ્કુટર ઉપર બેઠાં દૂર લઈ ગયા હતાં અને પછા વડે તેમજ ઢીકા પાટુનો માર મારી ૧૦.૫૦ લાખના બદલે ૨૨ લાખ આપવા પડશે તેવી ધમકી આપી કોઈપણ ભોગે રૂપિયા તાત્કાલીક આપવા માટે દબાણ કર્યું હતું. જેથી જગદીશભાઈએ પોતાનો જીવ બચાવવા માટે તેમના પરિચિત લાલા રઘુવંશી કાપડવાળા પ્રદિપભાઈને હેન કરીને આ ટોળકી જગદીશભાઈને જ્યાં લઈ ગઈ હતી ત્યાં ભોલાવ્યા હતાં. પ્રદીપભાઈ ત્યાં પહોંચ્યા ત્યારે આ



ટોળકીએ પ્રદિપભાઈને પાઈપ વડે માર માર્યો હતો. અને ત્યારબાદ આ ટોળકી બન્નેને ત્યાંજ રેઢા મુકીને ભાગી ગઈ હતી. પ્રદીપભાઈ અને જગદીશભાઈએ ખાનગી હોસ્પિટલમાં સારવાર લીધા બાદ આ મામો આજી ડેમ પોલીસ મથકમાં સમગ્ર ઘટના અંગે પોલીસને જાણ કરતાં પોલીસે આ ભાભતે જગદીશભાઈની ફરિયાદ લઈ દર્શિત સોરઠીયા, દિવ્યેશ કુંભર, જય અને હિતેશ ડોડીયા સાથે દર્શિતના ભાઈ અને અજાણ્યા શખ્સ સહિત છ સામે ગુનો નોંધી આ ટોળકીની શોધખોળ શરૂ કરી છે.

# રાજકોટ એઈમ્સના ડાયરેક્ટર, ડીન, એચઓડી અને એડમિનીસ્ટ્રેટર સામે મહિલા તબિબની લેખીત ફરિયાદ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ એઈમ્સના ડાયરેક્ટર, ડીન સહિત ચાર સામે સિનિયર મહિલા તબીબ દ્વારા સતામણીના આક્ષેપો થતાં ચકચાર મચી ગઈ છે. આ મામલે લેખીત ફરિયાદ અરજી થઈ છે. જેની તપાસ એઈમ્સની કમિટી કરી રિપોર્ટ આપે પછી જરૂરી તપાસ કરી પોલીસ કાર્યવાહી કરી શકે. આ મહિલા તબીબે ગુંડાગીરી, ઉત્પીડન અને લિંગ આધારિત ભેદભાવ કરવાના મુદ્દે ડાયરેક્ટર કર્નલ ડો.સીડીએસ કટોચ સહિત ચાર સામે લેખિત અરજી ફરિયાદ નોંધાવી છે. કોલકાતાની આર.જી.કાર હોસ્પિટલ જેવી ઘટના બનવાની ચેતવણી બાદ આ પ્રકરણમાં તપાસના આદેશ છૂટતા એઈમ્સની ઈન્ટરનલ કમ્પેઈન કમિટી દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

જાણવા મળ્યા મુજબ એઈમ્સમાં ફરજ બજાવતી એક સિનિયર તબીબે એક મહિના પહેલાં જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીને કર્નલ ડો. કટોચ, ડીન ડો.સંજય ગુપ્તા, એચઓડી અશ્વિન અગ્રવાલ અને એડમિનિસ્ટ્રેટર જયદેવસિંહ વાળા સામે ફરિયાદ અરજી કરી હતી. રાજકોટ જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીએ સિનિયર તબીબે કરેલી ફરિયાદની અરજી પોલીસ કમિશનરને તપાસ માટે મોકલી આપી હતી અને પોલીસ કમિશનરે આ ફરિયાદની અરજી ગાંધીગ્રામ પોલીસને તપાસ માટે આપી હતી. ગાંધીગ્રામ પોલીસે આ ફરિયાદ એઈમ્સના આઈસીસી(ઈન્ટરનલ કમ્પ્લેઈન કમિટી)ને મોકલી આપી છે અને ૩૦ દિવસમાં તપાસ કરી રિપોર્ટ આપવા હુકમ કર્યો છે. એઈમ્સના ડેપ્યુટી ડાયરેક્ટર ડો. પુનિત અરોરા સોમવારે જ આર્મીમાંથી નિવળત્ત થયા છે ત્યારે એઈમ્સના ડાયરેક્ટર સહિત ચાર સામે ફરિયાદ થતા ખળભળાટ મચ્યો છે. હવે આ ફરિયાદની તપાસ આઈસીસીના સભ્યો દ્વારા કરાશે



જેમાં ભોગ બનનાર સિનિયર મહિલા તબીબ તથા તેમણે જેમની સામે ફરિયાદ કરી છે તેમના નિવેદન લઈને પુરાવા એકત્રિત કરાશે.વધુ માહિતી અનુસાર ચારેક દિવસ પૂર્વે ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન દ્વારા ફરિયાદ એઈમ્સની ઈન્ટરનલ કમિટીને મોકલાયા બાદ કમિટીએ સિનિયર મહિલા તબીબને પુરાવા સાથે તૈયાર રહેવા જણાવાયું છે અને આ સપ્તાહમાં મહિલા તબીબના નિવેદન લેવામાં આવશે અને ત્યારબાદ કર્નલ ડો.સીડીએસ કટોચ, ડો.સંજય ગુપ્તા, ડો.અશ્વિન અગ્રવાલ અને જયદેવસિંહ વાળાના નિવેદન પણ લેવાશે. એવુ પણ કહેવાય છે કે વહીવટી અધિકારી જયદેવસિંહ વાળાએ એવો ખુલાસો કર્યો હતો કે એક વર્ષ પહેલાં પણ આ સિનિયર મહિલા તબીબે ડાયરેક્ટર ડો. કટોચ સહિતના સામે એઈમ્સના વુમન સેલમાં ફરિયાદ કરી હતી. જેમાં ડીડીઆઈ ડો.પુનિત અરોરાએ સાંઈઠ પાનાંનો જવાબ રિપોર્ટ કર્યો હતો. હવે ફરીથી તેઓએ ફરિયાદ કરી છે. ત્યારે હવે એઈમ્સની કમિટી ફરીથી આ અંગે તપાસ શરૂ કરશે.

# ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડના દોષીત ફાયર ઓફિસર, બે ATPO અને જમીન માલિકની જામીન અરજી ફગાવાઈ

## સ્પે. પીપીની ધારદાર દલીલો અને પોલીસે રજૂ કરેલા સોગંદનામાને ધ્યાને લઈ અદાલતે જામીન અરજી નામંજુર કરી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડમાં ૨૭ માનવ જીંદગી હોમાઈ ગઈ હતી. જેમાં કસુરવાર ૧૫ આરોપીઓ જેલના સળિયા પાછળ ધકેલાઈ ગયા છે. જ્યારે એક આરોપી ઘટના સમયે મૃત્યુ પામ્યો હતો. જે અંગેનો કેસ સેસન્સમાં કમિટ થયા બાદ ચાર્જશીટ રજૂ કરાતા આરોપીઓએ તેમના વકીલો રોકવાનું શરૂ કર્યુ હતું. ૯ આરોપી દ્વારા હજુ પણ વકીલ રખાયા ન હોવાથી તેઓને તત્કાલ વકીલ રાખવા સુચના આપી હતી. આ સમય દરમિયાન ફાયર ઓફિસર, બે એટીપીઓ અને જમીન માલીક સહિત ચારેયે જામીન મુક્ત થવા અદાલતમાં અરજી કરી હતી.

જેની લાંબો સમય સુધી સુનાવણી ચાલી હતી. જેના અંતે આજરોજ અદાલતે ચારેયની જામીન અરજી નામંજુર કરી છે. . સમગ્ર વિગત જોઈએ તો તા.૨૫ મે ૨૦૨૪ની સાંજે રાજકોટના નાના મવા રોડ નજીક સયાજી હોટલ પાછળ આવેલ ટીઆરપી ગેમઝોનમાં આગ લાગતા ૨૭ લોકોના મોત થયા હતા અને ત્રણેક લોકોને ઈજા થઈ હતી. જે અંગે પોલીસે ફરિયાદી બની ફરિયાદ નોંધી હતી. આ બનાવમાં ૧૬ આરોપી સામે ગુનો દાખલ થયો છે.જેમાં ટીઆરપી ગેમઝોનના સંચાલકો ધવલ ભરત ઠક્કર (ધવલ કોર્પોરેશનના પ્રોપરાઈટર), રેસવે એન્ટરપ્રાઈઝના ભાગીદારો, અશોકસિંહ જગદીશસિંહ જાડેજા, કિરીટસિંહ જગદીશસિંહ જાડેજા, પ્રકાશચંદ કન્હેયાલાલ હીન, યુવરાજસિંહ હરીસિંહ સોલંકી, રાહુલ લલીતભાઈ રાઠોડ, ગેમઝોન મેનેજર નીતિન મહાવીરપ્રસાદ લોડા જૈન, રાજકોટ મહાનગર પાલિકાના ટાઉન પ્લાનિંગ ઓફિસર મનસુખભાઈ ધનજીભાઈ સાગઠીયા, આસિસ્ટન્ટ ટીપીઓ,ગૌતમ દેવશંકરભાઈ જોષી, આસિસ્ટન્ટ ટીપીઓ, મુકેશભાઈ રામજીભાઈ મકવાણા, કાલાવડ રોડ ફાયર સ્ટેશનના ફાયર સ્ટેશન ઓફિસર, રોહીતભાઈ આસમલભાઈ વિગોરા, ટીપી શાખાના એન્જીનીયર અને એટીપીઓ, જયદીપ બાલુભાઈ ચૌધરી, રાજેશભાઈ નરશીભાઈ મકવાણા, ચીફ ફાયર ઓફિસર, ઈલેશ વાલાભાઈ ખેર, ડેપ્યુટી ચીફ ફાયર ઓફીસર,ભીખા જીવાભાઈ ઠેબા અને ગેમઝોન ખાતે ફેબ્રિકેશનનો કોન્ટ્રાકટ રાખનાર, મહેશ અમૃત રાઠોડ સામે ગુનો નોંધાયો છે. જેમાં અગ્નિકાંડના બનાવમાં પ્રકાશચંદ કન્હેયાલાલ હીરનનું મોત થયું હતું. જેથી બાકીના ૧૫ આરોપીની ધરપકડ કરી રિમાન્ડ બાદ જેલ હવાલે છે. જેમાંથી અશોકસિંહ, ઈલેશ ખેર, ગૌતમ જોશી અને રાજેશ મકવાણાએ જામીન અરજી કરતા તા.૨૫મીએ વિસ્તૃત દલીલો થઈ હતી. અગ્નિકાંડમાં સંડોવાયેલા અને હાલ જેલ હવાલે રહેલા ચારેય આરોપીઓએ કરેલી જામીન અરજી આજે કોર્ટમાં ચાલવા ઉપર આવતા બંને પક્ષના વકીલોની દલીલો બાદ કોર્ટે ચારેય આરોપીઓના સંબંધીઓ કોર્ટમાં હાજર હતાં તે દરમિયાન ઓપન કોર્ટમાં ચારેય આરોપીઓને જામીન અરજી નામંજુર થયાનો ઈશારો કરી ચારેય આરોપીઓની જામીન અરજી નામંજુર કરતો હુકમ કર્યો હતો. આ કેસમાં સરકાર પક્ષે સ્પે.પી.પી. તુષાર ગોકાણી અને એડિશનલ પી.પી. નીતેપ કથીરીયા તેમજ હતભાગી પરિવારો વતી રાજકોટ બાર એસો.ના ઉપ પ્રમુખ સુરેશ ફળદુ અને ડિસ્ટ્રીક્ટ બાર એસોસિએશનના પ્રમુખ નરેન્દ્રસિંહ જાડેજા રોકાયા છે.

# માંડા ડુંગર પાસે પીઠડા આઈ સોસાયટીમાં દેશી દારૂની મીની ફેક્ટરી ઝડપાઈ

## ગુના નિવારણ શાખાની ટીમે રેડ કરી ચુનારાવાડના શખ્સની ધરપકડ કરીઃ નામચીન બુટલેગર મહેશ ડાભીની શોધ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની ભાગોળે આજીડેમ ચોકડી નજીક આવેલ માંદા ડુંગર ની પીઠડ આઈ સોસાયટીમાં ગુના નિવારણ શાખા ની ટીમ દ્વારા રેડ કરી દેશી દારૂની મીની ફેક્ટરી ઝડપી લીધી છે પોલીસે એક શખ્સની ધરપકડ કરી મુખ્ય સૂત્રધાર નામચીન બુટલેગરની શોધ કોણે શરૂ કરી છે.

અંગેની માહિતી મુજબ ગુના નિવારણ શાખાના પીએસઆઈ એમ જે હુણ પીએસઆઈ પી બી તાજીયા એએસઆઈ મયુરભાઈ તથા સંતોષભાઈ તથા હરદેવસિંહ હેડ કોન્સ્ટેબલ કિરણ સહિતનો સ્ટાફ આજીડેમ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમી મળી હતી



કે માંડા ડુંગર પાસે આવેલ પીઠડ આઈ સોસાયટી માં એક મકાનમાં માધવ સોસાયટીમાં રહેતો અને અગાઉ અનેકવાર પોલીસ ચોપડે જડી ચૂકેલો નામચીન બુટલેગર મહેશ કરન્સી ડાભી નમનાર શકશે પીઠડ આઈ સોસાયટી શેરી નંબર એકમાં દેશી દારૂની મીની ફેક્ટરી ચાલુ કરી હોવાની હકીકતના આધારે પોલીસે ઉપરોક્ત સ્થળો પાડતા ચુનારા વાળ પાસે આવેલ શિવાજીનગર માં રહેતો ભુપત દાના જાદવ નમના સક્ષને દબોચી લઈ આ મકાનમાંથી ૧૧૪ લીટર દેશી દારૂ એડ ઓપરેટર સેલ મશીન પાઉચ બનાવવાનો પ્લાસ્ટિક તથા અલગ અલગ ફ્લેવર માટે ઉપયોગમાં લેવાતી વસ્તુઓ સહિત કુલ રૂપિયા ૨૪,૮૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો દરોડા દરમ્યાન નામચીન બુટલેગર મહેશ કરમશી ડાભી હાજર નહીં મળી આવતા પોલીસે તેની શોધ કોડ શરૂ કરી છે.

# થોરાળામાં પ્રેમીએ માત્ર ૧૦ દિવસમાં છૂટાછેડા આપી દેતા પ્રેમીકાનો આપઘાતનો પ્રયાસ

## છૂટાછેડા બાદ પ્રેમીએ ગોંધી રાખી ત્રણ દિવસ દુષ્કર્મ આચર્યાનો આરોપઃ બચતના પૈસા પણ પડાવી લીધાનો સ્યુસાઇડ નોટમાં ઉલ્લેખ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

થોરાળા વિસ્તારમાં રહેતી યુવતિને પ્રેમલગ્નના ૧૦ દિવસમાં જ પ્રેમએ છૂટાછેડા આપી દેતા યુવતિએ સ્યુસાઈડ નોટ લખી ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. પ્રેમીએ છુટાછેડા બાદ પણ ત્રણ દિવસ ગોંધી રાખી દુષ્કર્મ આચર્યાનો આક્ષેપ કરાયો હતો. યુવતિને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાતા પોલીસે તપાસ હાથ ધરી છે. જાણવા મળથી વિગત મુજબ થોરાળા વિસ્તારમાં રહેતી ૨૩ વર્ષીય યુવતિએ આજે સવારે પોતાના ઘરે ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. બાદમાં તેણી ઉલટી કરતી હોય તેનો ભાઈ જોઈ જતાં પરિવારજનો દોડી આવ્યા હતાં. અને તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. યુવતિ પાસેથી સ્યુસાઈડ નોટ મળી આવી હતી. જેમાં તેણે જણાવેલું કે, તેણીએ કિશન હિતેશ પરમાર સાથે તા. ૨૦-૭ના કોર્ટ મેરેજ કર્યા હતાં. બાદમાં તા. ૧૦-૯ના રાજકોટથી ભગાડી જઈ જામનગર લઈ ગયો હતો. જો કે, કિશનના પરિવારને મંજુર ન હોવાથી કિશન, તેના પિતા ધીરજ સોલંકી, હિતેશ, સાગર, રેખાબેન, કાજલબેન, બીપીનભાઈ સહિતના છુટાછેડા આપવા ધમકાવતા હતાં. ગત તા. ૨૦-૯ના જામનગરમાં છુટાછેડા આપી દીધા હતાં. છુટાછેડા બાદ પણ ત્રણ દિવસ ગોંધી રાખી પ્રેમી કિશને દુષ્કર્મ ગુજાર્યાનો આક્ષેપ કર્યો હતો. આ ઉપરાંત તેમના બચત કરેલા પૈસા પણ પડાવી લીધા હતાં. અને પરત ન આપી ખોટા આક્ષેપો કરતા હોય પ્રેમીએ પ્રેમલગ્નના ૧૦ દિવસમાં જ છુટાછેડા આપી તરછોડી દેતા યુવતિએ ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરી લીધો હોવાનો સ્યુસાઈટ નોટમાં ઉલ્લેખ કરાયો છે. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી થોરાળા પોલીસને જાણ કરતા પોલીસે હોસ્પિટલે દોડી જઈ ભોગ બનનાર યુવતિનું નિવેદન નોંધવા તજવીજ હાથ ધરી છે.

# ગોંડલમાં કારમાંથી રૂા.૨.૩૪ લાખની મતા ભરેલી બેગની ચોરીઃ તસ્કર ઝડપાયો

**મુખ્ય સમાચાર,ગોંડલ**

ગોંડલ કોર્ટની બાજુમાં સેફરોન કોમ્પલેક્ષમાં ઓફીસ ધરાવતાં જમીન માપણીના ધંધાર્થીએ કારમાં રાખેલ રૂ.૨.૩૪ લાખની મતા ભરેલ બેગની ચોરી કરી તસ્કર નાસી છૂટતાં ગોંડલ સીટી પોલીસે ગુનો નોંધી ગણતરીની કલાકોમાં ચોરને પકડી મુદામાલ કબ્જે કર્યો હતો.બનાવ અંગે ગોંડલના ચરખડી ગામે રહેતાં ભરતભાઈ હરસુખભાઈ સખીયા (ઉ.વ.૩૦) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓને ગોંડલ કોર્ટની બાજુમાં સેફરોન કોમ્પલેક્ષમાં ૪૦૨ નંબરની ઓફીસમાં શીવ સર્વે નામથી જમીન માપણીની ભાગાદારીમાં ઓફીસ ચલાવે છે.ગઈ તા.૧૮ ના સવારના દસેક વાગ્યાની આસપાસ તે પોતાની ઓફિસે આવેલ હતો. ત્યાં અલગ અલગ ખેડૂતો તેમની જમીનની કરેલ માપણીને કુલ રૂ૨ લાખ આપી ગયેલ હતાં. બાદમાં બપોરના સમયે તે પૈસા લેપટોપની બેગમાં રાખી તે પોતાના મિત્રના કારીગર સંજય ચૌહાણ સાથે ઓફિસથી નીચે ઉતરેલ અને તેમને જેતપુર જવાનું હોય.જેથી કારીગરને સેફરોન કોમ્પલેક્ષની બાજુમાં આવેલ લોજમાં જમવા મોકલેલ અને તેઓએ પોતાની મે અલ્ટો કાર કોમ્પલેક્ષની સામે પાર્ક કરેલ હતી. ત્યાં જઈ બેગમા રાખેલ રૂ.૨.૨૪ લાખ રોકડા, એક લેપટોપ ગાડીમાં રાખ્યા હતાં.બાદમાં પોતે પણ કાર લોજની બાજુમા પાર્ક કરી જમવા માટે ગયેલ હતો. પોતે લોજમાં જમી પોતાની કાર પસાર આવી જોયેલ તો પોતાનાથી ગાડીના કાચ ખુલ્લા રહી ગયેલ હતા અને તે ગાડી લઈ જેતપુર બાજુ જવા નીકળી ગયેલ હતો. થોડે દુર પહોંચતા મારી ગાડીમાં રાખેલ રોકડા રૂ.૨.૨૪ લાખ અને લેપટોપ રાખેલ બેગ જોવામાં આવેલ નહીં, જેથી તુરંત ગાડી પાર્ક કરી આજુબાજુ શોધખોળ કરેલ પરંતુ બેગ મળી આવેલ નહિ જેથી તેઓએ પોતાની કારમાં રાખેલ રોકડ રૂ.૨.૨૪ લાખ અને લેપટોપ મળી કુલ રૂ.૨.૩૪ લાખની મતા ભરેલ બેગ કોઈ અજાણ્યો તસ્કર ચોરી કરી નાસી છૂટયો હતો.બનાવ અંગેની ફરીયાદ પરથી ગોંડલ સીટી પોલીસે ગુનો નોંધી પીઆઈ એ.સી.ડામોરની રાહબરીમાં સ્ટાફે તપાસ હાથ ધરી ગણતરીની કલાકોમાં એક શખ્સને દબોચી લઈ ચોરીનો ભેદ ઉકેલી નાંખ્યો હતો.

વધુમાં જાણવા મળેલ વિગત અનુસાર, તસ્કર ફરિયાદીની ઓફીસ નીચે જ બેસી રહેતો શખ્સ તેમની ચહલ પહલ પર નજર રાખતો અને થોડાં દિવસ પહેલા ફરિયાદીએ રોકડ ભરેલ બેગ કારમાં રાખતાં તેમની નજર પડતાં ચોરીને અંજામ આપ્યો હતો.

# ચોટીલા જીનીંગ મીલના ૨૦૦ કરોડના કૌભાંડમાં ૧૦૨ કરોડની લોન લેનાર મીલના ભાગીદારોની મિલ્કતો ઉપર રાજબેંકનો કબ્જો

## ખેડુતોનું ૨૦૦ કરોડનું ફુલેકુ ફેરવી ભુગર્ભમાં ઉતરી ગયેલા સંચાલકોના મકાન ઉપર નોટીસ લાગી જતા ચકચાર

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ-સુરેન્દ્રનગર સહિત સૌરાષ્ટ્રભરના જીનીંગ ઉદ્યોગમાં ખળભળાટ સર્જનારા ચોટીલામાં જીનીંગ ચલાવતા રાજકોટના ઉદ્યોગપતિઓના ૨૦૦ કરોડના કથિત ફુલેકા પ્રકરણથી ખેડૂતોથી માંડીને વેપારીઓ-ફાઈનાન્સરોના નાણાં ઠલવાયા જ છે ત્યારે શહેરની રાજ બેંક પણ પઉઠમણુંથ કરનારી જીનીંગ મીલને ૧૦૨ કરોડની લોન આપ્યાનું બહાર આવ્યું છે. જો કે બેંક દ્વારા તાબડતોડ લોન ધારકો તથા જમીનદારોની મીલ્કતો પર કબ્જો કરી દેવામાં આવ્યો છે અને તેના આધારે બેંકના નાણાં સુરક્ષિત હોવાનો દાવો કરાયો છે.

ચોટીલા-થાનગઢ રોડ પર આવેલી સિદ્ધનાથ કોટેક્સ એન્ડ સ્પીનીંગના સંચાલકો એકમને તાળુ મારીને ગત ઓગસ્ટમાં ફરાર થઈ ગયા હતા. બેંક ઉપરાંત ખેડૂતો, વેપારીઓ, ખાનગી ફાઈનાન્સરોના અંદાજીત ૨૦૦ કરોડનું ફુલેકું ફેરવાયાની ચર્ચા હતી. જીનીંગ મીલ સંચાલકોએ ૨૦ ઓગસ્ટે લેણદારોને નાણા ચુકવી દેવાનું કહ્યું હતું અને ખેડૂતો-વેપારીઓ ઉમટ્યા હતા પરંતુ સંચાલકો મીલને તાળા મારીને ફરાર થઈ ગયાનું માલુમ પડતા જબરો હોબાળો સર્જાયો હતો. સૌરાષ્ટ્રભરના કપાસ-જીન માર્કેટમાં તેના પ્રત્યાઘાતો શરુ થઈ ગયા હતા. અન્ય નવા-નવા લેણદારોના નામો પણ બહાર આવવા લાગ્યા હતાં.

માહિતગાર સૂત્રોએ કહ્યું કે કપાસની સીઝન શરુ થઈ જવા સાથે આ પ્રકરણ ફરી ચગવા લાગ્યું છે. ખાસ કરીને ખેડૂતો તથા ધંધાકીય વ્યવહારો કરનારા જીનર્સો-વેપારીઓ



દબાણમાં છે. સિધ્ધનાથ કોટેક્સ દ્વારા રાજ બેંકમાંથી ૧૦૨ કરોડની લોન લેવામાં આવી હતી તે વિગતો જાહેર થવા સાથે હોબાળો વધ્યો છે. સૂત્રોએ કહ્યું કે જીનીંગ મીલ સંચાલકો દ્વારા નિયત નાણા ચુકવવામાં ન આવતા રાજ બેંક દ્વારા તાબડતોબ લોન એનપીએ કરવાની સાથોસાથ મિલ્કતો પર કબ્જો કરવાની પ્રક્રિયા શરુ કરી દીધી હતી. ચોટીલા સ્થિત સિદ્ધનાથ કોટેક્ષની તમામ મિલ્કતો રાજ બેંકે કબ્જે લઈ લીધી છે. ઉપરાંત લોન સામે ગીરવે મુકાયેલી અન્ય સંપતિ પણ કબ્જે કરી લીધી છે તેમાં ૧૫૦ ફૂટ રોડ પર રાજ રેસીડન્સીમાં આવેલ ભાગીદાર સુરેશ લુણાગરીયા ઉપરાંત અન્ય ભાગીદારો-જમીનદારોના બંગલા સહિતની ગીરવે મુકાયેલી પ્રોપટીઝ પર કબ્જો કરી લીધો છે.

# આટકોટમાં પેટ્રોલ પંપ પરથી ૮૦૦૦ રૂપિયાની લૂંટ કરી તોડફોડઃ બાબરા રાણપરના શખ્સ સામે ગુનો દાખલ

## આરોપીએ ઉછીના ૩૫૦૦૦ માગેલા જે પેટ્રોલ પંપ સંચાલકે ન આપતા તેનો ખાર રાખી હુમલો કર્યાનો આરોપ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

આટકોટના સૂર્યદીપ જીઓ બીપી પેટ્રોલ પંપ ખાતે મોડી રાત્રે પેટ્રોલના રૂપિયા માંગતા ૮૦૦૦ની લૂંટ કરી પેટ્રોલપંપમાં તોડફોડ કરાઈ હતી. જેમાં બાબરા રાણપરના રઘુ વાળા સામે ગુનો દાખલ થયો છે. રાજકોટ રહેતા પેટ્રોલ પંપના સંચાલક અલ્કેશભાઈ ખાચરે આટકોટ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે. રઘુએ ઉછીના ૩૫૦૦૦ માંગેલા જે ન આપતા તેનો ખર રાખી આ કૃત્ય કર્યાનો આરોપ છે.

ફરિયાદી અલ્કેશભાઈ જીલુભાઈ ખાચર (ઉ.વ.૪૫, રહે. રાજકોટ, ૧૧-અલ્કાપુરી, સૂર્યદિપ નિવાસ, રૈયા રોડ)એ જણાવ્યું કે, હું રાજકોટ રહું છું અને છેલ્લા મને ફોન આવેલ અને વાત કરેલ કે, હું તથા કલ્પેશભાઈ સામતભાઈ સુવાણ પેટ્રોલપંપે નોકરી ઉપર હોય તે દરમ્યાન રાત્રીના સાડા અગિયારેક વાગ્યાસના અરસામાં રઘુ વાળા (રહે.રાણપર તા. બાબરા) નંબર પ્લેટ વગરનું બાઈક લઈને પંપે પેટ્રોલ પુરાવા માટે આવેલ અને રૂ.૨૦૦નું પેટ્રોલ પુરાવી તે બાઈક ચાલુ કરીને જતા હતા જેથી મે તેની પાસે પેટ્રોલના પૈસા માંગતા મારી સાથે બોલાચાલી કરી મને અપશબ્દો બોલવા લાગેલ અને ઓફીસના મેઈન ડોર પાસે લોખંડના પાયાવાળી ખુરશી પડેલ હોય જે ખુરશી લઈને તેણે ઓફીસના મેઈન ડોર તથા સાઈડની બારીઓના કાચતોડી નાખેલ છે. મારા શર્ટનો કોલર પકડી મારા હાથમાં પેટ્રોલ/ડીઝલ વેચાણના આશરે રૂ.૮૦૦૦ જેટલા પૈસા હોય જે લૂંટીને જતો રહેલ છે. વધુમાં અલ્કેશભાઈએ જણાવ્યું કે, આ રઘુએ ફોન કરી જેમ ફાવે તેમ અપશબ્દો કહ્યા હતા. બાદમાં હું પેટ્રોલ પંપે આવવા નિકળેલ અને રસ્તામાં મેં બનેલ બનાવ અંગે મારા મામાના દિકરા રાજુભાઈ જીવકુભાઈ શેખવા (રહે. રાજકોટ)ને જાણ કરેલ હતી. રાતે પોણા એક વાગ્યે હું પેટ્રોલપંપે પહોંચેલ. ત્યાં રાજુભાઈ શેખવા તથા હરેશભાઈ થારા તથા કલ્પેશભાઈ સુવાણ હાજર હતા. જોયુ તો પેટ્રોલ પંપની ઓફીસના મેઈન ડોરનો કાચ તથા સાઈડની બારીઓના કાચ તુટી ગયેલ હાલતમાં હતા. અને હરેશભાઈએ મને બનેલ બનાવની વાત કરેલ. આ રઘુભાઈ હમીરભાઈ વાળા અમારી જ જ્ઞાતીના હોય જેથી અમે તેને સારી રીતે ઓળખતા હોય અને તેઓ અમારી પાસેથી અવાર-નવાર પાંચ- પચીસ હજાર રૂપિયા ઉછીના લઈ જતા હતા અને આજથી આશરે પંદરેક દિવસ પહેલા હું ખાંભાથી આટકોટ આવતો હતો ત્યારે આશરે સાડા છએક વાગ્યે એક અજાણીયા નંબરથી આ રઘુભાઈએ મને ફોન કરી કહેલ કે, મારે રૂ.૩૫,૦૦૦ ની જરૂર છે. મેં તેમને ચરખા તથા ઊંટવડ વચ્ચે આવેલ આંબલીધારે ઉભા રહેવાનું કહેલ બાદ હું આંબલી ધારે તેમને મળેલ ત્યારે તેઓએ મને કહેલ કે, મારે હમણા પૈસાની જરૂર છે. જેથી તમે મને રૂ.૩૫,૦૦૦ આપો. બાદ મને જાણવા મળેલ કે, તેના ઉપર બાબરા પોલીસ સ્ટેશન ખાતે મારા મારીનો ગુન્હો નોંધાયેલ હોય જેથી તેઓને કોર્ટ કચેરીના ખર્ચના રૂપિયાની જરૂર છે. જેથી મેં રૂપિયા આપવાની ના પાડેલ. તે અંગેનો ખાર રાખી તેઓ અમારા પેટ્રોલ પંપે બોલાચાલી કરી તોડફોડ કરી રૂ.૩૦,૦૦૦ નું નુકસાન કરી રૂ.૮૦૦૦ ની લૂંટ ચલાવી હતી અને પુરાવેલ પેટ્રોલના રૂપિયા પણ આપ્યા નહોતા. આટકોટ પોલીસે રઘુને ઝડપી લેવા તજવીજ હાથ ધરી હતી.